દિવ્યજ્યોતિ ટ્રસ્ટ

ચક્ષુદાન

મહાદાન





# ૧૫મો વાર્ષિક અહેવાલ

## ૨૦૨૪-૨૫






જે લોકોમાં દયાભાવ નથી, તેમનુ જીવન વ્યર્થ છે.
અન્ય લોકોનું ભલુ કરવાથી આપણું ભલુ થાય છે

- અજ્ઞાત




## અમારું મિશન

જનસમાજમાંથી નિવારી શકાય તેવા અંધત્વને ઘટાડવું અને કાળક્રમે તે દુર કરવું અને દેશવ્યાપી વિઝન ૨૦૨૦ના કાર્યક્રમમાં યોગદાન આપવું. આદિવાસી ગરીબ ગ્રામ્ય વિસ્તારમાં નૈતિક મુલ્યો અને આદર્શો જાળવીને આ કામ કરવું.

## અમારું ધ્યેય

જરૂરી સારવારના અભાવે કોઈ પણ વ્યક્તિ અંધ ન થાય એ જ અમારૂં ધ્યેય

શુભેચ્છક શ્રી,

દિવ્યજ્યોતિ ટ્રસ્ટનો ૧૫મો વાર્ષિક રીપોર્ટ આપની સમક્ષ મુકતા આનંદ અને ગર્વની લાગણી અનુભવીએ છીએ.

મે, ૨૦૧૧ થી શરૂ કરેલી ૪૦ પથારીની તેજસ આંખની હોસ્પિટલ દ્વારા સુરત જિલ્લાના માંડવી વિસ્તારમાં આંખની સારવારની કામગીરી શરૂ કરી હતી. હોસ્પિટલે મેળવેલી પ્રતિષ્ઠા અને દર્દીઓ પ્રત્યેની સંવેદનાને તથા દર્દીઓએ કરેલા સ્વીકારને જોતાં ૨૦૧૫માં હોસ્પિટલ ૧૦૦ પથારીની સુવિધા ધરાવતી થઈ. કામગીરીનો વ્યાપ જોતાં આ પણ ઓછું પડવા લાગ્યુ. ૨૦૧૬માં ભૂમિદાતા શ્રી વિજયભાઈ દાલીઆ અને શ્રીમતી નિપુણાબહેન દાલીઆએ માંડવીથી ૩ કિમી દૂર અમલસાડી મુકામે આવેલી જમીન દાનમાં આપતાં ત્યાં નવું અતિ આધુનિક સુવિધા ધરાવતુ સંકુલ બાંધવાનું શરૂ કર્યું, જે સંપૂર્ણ રીતે તૈયાર થઈ ગયુ છે. જેનું વિધિવત ઉદ્‌ઘાટન ૨૦મી ઓક્ટોબર ૨૦૨૪ને રવિવારે થઈ ગયું છે. આ નવી હોસ્પીટલમાં વાર્ષિક ૨૦ થી ૨૫ હજાર આંખના ઓપરેશનો થઈ શકશે.

આ સંકુલમા ૨૦૦ બેડની હોસ્પિટલ, ઓપ્ટોમેટ્રી કોલેજ, હોસ્ટેલ, સ્ટાફ ક્વાર્ટર્સ, ભોજનશાળા, કેન્ટીન તથા મંદિર, વિશાળ પાર્કીંગ તથા વેઈટીંગ એરીયાની સુવિધા આપવાના પ્રયત્ન કર્યા છે.

આ સંકુલ તૈયાર કરવા માટે અનેક નામી-અનામી દાતાઓની મદદ સતત મળતી રહી છે. આ તબક્કે તમામ દાતાશ્રીઓનો અમે હ્રદયપૂર્વક આભાર માનીએ છીએ. આ ઉપરાંત સમાજના દરેક ખૂણેથી ટેકનીકલ માર્ગદર્શન, અન્ય મદદ- માગદર્શન પણ મળતા રહ્યા છે. સૌથી ઉપર પરમકૃપાળુ પરમાત્માની અસીમ કૃપા વરસતી રહી છે.

દાતાઓએ જરૂરી દાન આપ્યું. બાંધકામની જવાબદારી સંભાળનાર વ્યક્તિઓએ પોતાની જવાબદારી પુરી કરી. અમને એક સુંદર અને વિશાળ સંકુલ તૈયાર કરી આપવામાં આવ્યું છે. હવે અમારી જવાબદારી શરૂ થાય છે કે અમે હજુ વધારે સારૂ કામ કરીને વધુને વધુ લોકો સુધી પહોંચીએ અને આંખનું સ્વાસ્થ્ય આસપાસના સમાજનું સુધરે એવા પ્રયત્ન કરીએ.

અમે આપસૌ દાતાઓ, શુભેચ્છકો, વડીલોના આશિર્વાદની અપેક્ષા રાખીએ છીએ કે જેથી અમે બધાની અપેક્ષાઓ પૂર્ણ કરી શકીએ.

આપના આભારી

| | | |
|---|---|---|
| ભરતભાઈ શાહ | નલીનભાઈ શાહ | ડૉ. ઉદયભાઈ ગજીવાળા |
| પ્રમુખ | સેક્રેટરી | ઉપ પ્રમુખ |
| માંડવી | | તા. ૧૩-૧૨-૨૦૨૫ |

તા.ક : સપ્ટે.૨૫ થી નંબર ઉતારવાનું એકઝાઈમર લેઝર મશીન આવી ગયું છે અને આ મશીનથી ચશ્માના નંબર ઉતારવાના ઓપરેશન પણ શરૂ થઈ ગયા છો.

## વિતેલા વર્ષ પર નજર

હોસ્પિટલ વિશે

દિવ્યજ્યોતિ ટ્રસ્ટ દ્વારા સંચાલિત તેજસ આંખની હોસ્પિટલ દ્વારા બેઝ હોસ્પિટલ તેમજ આજુબાજુના વિસ્તારના જનસમુદાય માટે આંખની સારવારની સેવાઓ, ૨૦૧૧ થી ''સારવારના અભાવે કોઈ પણ વ્યક્તિ અંધ ન બને'' એવા ધ્યેયથી કાર્યરત છે. ૪૦ પથારીથી શરૂ કરેલ હોસ્પિટલમાં હવે ૧૦૦ પથારીની સુવિધા છે અને ટૂંક સમયમાં જ માંડવી નજીક અમલસાડી મુકામે તૈયાર થયેલ નવનિર્મિત કેમ્પસ પર ૨૦૦ પથારીની સુવિધાવાળી થશે .

માંડવી સ્થિત તેજસ આંખની હોસ્પિટલ તેની આજુબાજુના ૧૫૦કિમી ત્રિજ્યા વિસ્તારમાં આવેલી વસ્તીને આવરી લે છે અને સુરત, તાપી, ભરૂચ, ડાંગ, વલસાડ, નવસારી, નર્મદા અને છેક મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારના દર્દીઓ નિયમિત પણે (ગરીબ આદિવાસી લોકો માટે વિનામૂલ્યે અને અન્ય માટે કિફાયતી દરે) સારવાર મેળવે છે.

હોસ્પિટલમાં દર્દીઓની સૌ પ્રથમ ઓપ્થેલ્મીક આસીસ્ટંટ દ્વારા તપાસ થાય છે, ત્યાર બાદ જનરલ ઓપ્થેલ્મોલોજીસ્ટ તપાસે છે અને જેમને સ્પેશ્યાલીટી સારવાર- જેમકે ઝામર, પડદાની તકલીફ, કીકીની તકલીફ, ન્યુરો ઓપ્થેલ્મોલોજી, લો વીઝન, પીડીયાટ્રીક વિગેરેની જરૂર હોય તેમને, તે તપાસ માટે જે તે નિષ્ણાંત ડૉક્ટરને રીફર કરવામાં આવે છે. હોસ્પિટલ દ્વારા ચલાવાતા ૧૦ વિઝન સેન્ટર્સ અને ૩ સેટેલાઈટ સેન્ટર્સના દર્દીઓની ટેલીમેડીસીન દ્વારા તપાસ, માંડવી સ્થિત ડૉક્ટર દ્વારા કરવામાં આવે છે, જે દૂરના વિસ્તારના દર્દીઓ માટે ખરેખર આશીર્વાદ રૂપ છે. આ ઉપરાંત નિયમીત ઓપીડી તપાસ, ઓપરેશન થીએટરની સુવિધા, લેબોરેટરી તપાસ અને ૨૪ કલાક ઈમરજન્સી સેવાઓ ઉપલબ્ધ છે

અમારી પાસે ઓપીડી યુનીટ, ઓપરેશન થીએટર ટીમ, દાખલ દર્દીની સુવિધા, લેબોરેટરી, આંખના બધા જ રોગોની તપાસની સુવિધા, જનસેવા દવાની અને ચશ્માની દુકાન તેમજ દાખલ દર્દી તથા સગા, ડૉક્ટર્સ, સ્ટાફ, વિદ્યાર્થીઓ માટે શુદ્ધ શાકાહારી ભોજનાલયની સુવિધા પણ છે. આ ઉપરાંત દૂર-દૂરથી દર્દીઓના પરિવહન માટે બસની સુવિધા છે જે જનસમુદાય માટે અત્યંત આશીર્વાદ રૂપ છે.

સારવાર ઉપરાંત તાલીમની પ્રવૃત્તિ પણ અત્યંત મહત્વપૂર્ણ અને ઉપયોગી છે. સ્કૂલ ડ્રોપ આઉટ સ્ટુડન્ટસ માટે ૧ વર્ષના વોકેશનલ કોર્ષ જેવા કે વિઝન આસીસ્ટંટ, ઓટી ટેકનીશ્યન, ચશ્મા ફીટીંગ અને વેચાણ; ઓપ્થેલ્મીક નર્સ, ચલાવવામાં આવે છે. આ ઉપરાંત ૪ વર્ષનો ડીગ્રી કોર્ષ કરાવતી દિવાળીબા ઓપ્ટોમેટ્રી કોલેજ દ્વારા ધો ૧૨- વિજ્ઞાન પ્રવાહ- બાયોલોજી વિષય સાથે પાસ કરેલ વિદ્યાર્થીઓ માટે બી.ઓપ્ટોમેટ્રીનો કોર્ષ ચલાવવામાં આવે છે.

**વર્ષ દરમિયાન હોસ્પિટલમાં થયેલ પ્રવૃત્તિઓ :-**

ડૉક્ટર્સ પૈકી ડૉ. આસ્થા પટેલ અને ડૉ. આકૃતિ જરીવાળા તેમની સમયમર્યાદા પુરી થતા છૂટા થયા, તેમજ ડૉ. ધારા સરધારા અને ડૉ. નીલમ ચૌધરી જોડાયા. આ ઉપરાંત ડૉ. દર્શનાબેન પટેલ, ડૉ. જાગૃતિબેન જરીવાળા તથા ડૉ. પ્રીતેશભાઈ દેસાઈ અને સીનીયર ડૉક્ટર નીલેશભાઈ નાયક નિયમિત રીતે આવીને જનરલ ઓપ્થેલ્મોલોજીસ્ટની કામગીરી સંભાળી રહ્યા છે.

ડૉ. દેવાંશીબેન વસાવા મેડીકલ ઓફિસર તરીકે કાર્યરત છે જ, હવે ડૉ. તૃપલ ચૌધરી પણ મેડીકલ ઓફિસર તરીકે જોડાયા.

હોસ્પિટલમાં સૌ પ્રથમવાર એકઝેન્ટરેશન (ઓર્બીટમાંથી બધુ જ કાઢી નાખવાનું ઓપરેશન) ડૉ. શાલીનભાઈ શાહ દ્વારા થયુ.

હોસ્પિટલમાં પેપરલેસ રેકોર્ડ રાખવાની પધ્ધતિ અમલમા મૂકવા દરેક સ્ટાફની ટ્રેનીંગ કરી અને પ્રેક્ટીસ કરાવી તથા તા. ૨૭/૬/૨૪ થી ઈલેક્ટ્રોનીક મેડીકલ રેકોર્ડ પધ્ધતિ અમલમાં મૂકી.

ટ્રસ્ટ દ્વારા ૧૦મુ વીઝન સેન્ટર માલીબા વીઝન સેન્ટર ઉકા તરસાડીયા યુનિવર્સિટી કેમ્પસ પર શરૂ થયું.

રીસર્ચ પ્રવૃત્તિ અંતર્ગત જાપાનની કંપની દ્વારા વિકસાવેલ ટેબ્લેટનો ઉપયોગ કરીને આળસુ આંખ(એમ્બલાયોપીયા) પર રીસર્ચ હાથ ધર્યો હતો, તેની વધુ ટ્રેનીંગ લેવા દિવ્યજ્યોતિ ટ્રસ્ટના ૧૦ સ્ટાફ (ડૉક્ટર્સ, ટેકનીકલ સ્ટાફ અને એડમીનીસ્ટ્રેટર) જાપાનની મુલાકાતે જઈ આવ્યા. આ ટ્રેનીંગનો બધો ખર્ચ જાપાનની કંપની દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો.

હોસ્પિટલ માટે નવા સાધનોની ખરીદી/ગ્રાન્ટ :-

- એલ એન્ડ ટી, હજીરા દ્વારા રૂા. ૬૫ લાખના સાધનો CSR પ્રોજેક્ટ અંતર્ગત મળ્યા.
- ગ્લોબલ ગ્રાન્ટ પ્રોજેક્ટ અંતર્ગત રોટરી ક્લબ ઓફ રાઉન્ડટાઉન, સુરત દ્વારા રૂા. ૫૭ લાખના સાધનો મળ્યા-૪૨ સીટની સી.એન.જી બસ ખરીદી (મીશન ફોર વીઝન ના ડોનેશનથી)
- ગુજરાત કેમીકલ પોર્ટ લિ. દ્વારા સેન્ચુરીયન ફેકો મશીન દાનમાં મળ્યુ.
- જૂન માસ દરમિયાન એલ.આઈ.સી દ્વારા "C" બિલ્ડીંગના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો. જેના મુખ્ય દાતા LIC હાઉસીંગ ફાઈનાન્સ લીમીટેડ છે.
- સીમેન્સ હેલ્થીનીયર્સ દ્વારા ઉમરપાડા તાલુકામાં નિવારી શકાય તેવા અંધત્વને દુર કરવા ઘરે ઘરે ફરીને આંખની તપાસ કરીને ચશ્માની જરૂરિયાતવાળા દર્દીને ચશ્મા આપવાનો અને સર્જરીની જરૂરિયાતવાળા દર્દીઓને માંડવી મોકલવા અને ડાયાબીટીસ, બ્લડપ્રેશરના દર્દીઓને જરૂરી સારવાર લેતા કરવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે.
- ૨૦ મી ઓક્ટોબરે માંડવીથી ૩ કિમી દૂર આવેલા અમલસાડી મુકામે નવા બંધાયેલા કેમ્પસના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો જેમાં મુખ્ય મહેમાન તરીકે માન. મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિ હાજર રહ્યા હતા તથા આશીર્વચન શ્રી રામકૃષ્ણ મિશન, વડોદરાથી શ્રી સુવિજ્ઞેયાનંદજી મહારાજ તથા તરસાડાના સ્વામી સવિતાનંદજીના પ્રાપ્ત થયા. ટ્રસ્ટના દાતાઓનું ઉચિત સન્માન કર્યુ અને સાંજે ભજન ગાયક અનુપ જલોટાના ભજનનો કાર્યક્રમ સૌએ માણ્યો. આ પ્રસંગે મોટી સંખ્યામાં દાતાઓ, શુભેચ્છકો, સ્ટાફ પરિવાર અને સ્થાનિક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.
- દુનિયાની સૌથી મોટી આઈ ઈન્સ્ટીટ્યૂટ - અરવિંદ આઈ ઈન્સ્ટીટ્યૂટ મદુરાઈ (તમિલનાડુ) ના ચીફ એકઝીક્યુટીવ ઓફિસર તુલસીરાજ ૮ મી ઓગસ્ટે મુલાકાતે આવ્યા અને તેમનું અણમોલ માર્ગદર્શન આપ્યું.

**સંસ્થાની પ્રવૃત્તિની આંકડાકીય માહિતી. (એપ્રિલ ૨૪ થી માર્ચ ૨૫)**

| | | | |
|---|---|---|---|
| કુલ ઓપીડી | :૧૨૯૭૬૧ | ઓપરેશન | :૧૩૫૮૧ |

નિદાન કેમ્પ કુલ ૨૪૧ + ૯૫, ૯૫ કેમ્પ - સીબીઆરના કાર્યકરો દ્વારા ૧ દિવસીય કેમ્પ છે.

| | | | |
|---|---|---|---|
| ઓપીડી | :૩૩૫૫૩ | ઓપરેશન | :૨૬૭૦ |
| વિઝન સેન્ટર ઓપીડી | :૧૬૪૧૭ | ઓપરેશન | :૨૧૦૦ |
| સેટેલાઈટ સેન્ટર ઓપીડી | :૧૭૫૯૨ | ઓપરેશન | :૧૨૫૫ |
| ટ્રક ડ્રાઈવર્સ તપાસ | :૧૦૦૪૭ | | |

રીફર : ૧૨૩ + ૭૯ = ૨૦૨

શાળાકીય તપાસ (ઓપીડી): ૮૭૮૧ — રીફર : ૧૫૫ - ઓપરેશન ૧૦ (ત્રાંસી આંખ)

હોસ્પિટલ ઓપીડી : ૬૨૧૯૯

ઉમરપાડા પ્રોજેક્ટ ઓપીડી : ૩૭૩૨ — ઓપરેશન : ૨૮૮

રેટીનોપથી ઓફ પ્રીમેચ્યોરીટી (ઓપીડી) : ૧૪૮૨ (લેસર દ્વારા સારવાર): ૧૨, એવાસ્ટીન ઈન્જેક્શન-૫૧

**જનરલ ઓપ્થેલ્મોલોજી ઓપીડી :**

તેજસ આંખની હોસ્પિટલ ખાતે આ સૌથી વ્યસ્ત ઓપીડી છે. સૌ પ્રથમ ઓપ્થેલ્મીક આસીસ્ટંટ દ્વારા દર્દીઓની ચશ્માના નંબરની તપાસ થયા બાદ બધા દર્દીઓની જનરલ ઓપ્થેલ્મોલોજીસ્ટ દ્વારા તપાસ થાય છે. એક આંખના ડૉક્ટર ટેલી મેડીસીન દ્વારા વીઝન સેન્ટર્સ તેમજ સેટેલાઈટ સેન્ટર પર બતાવવા આવતા દર્દીઓની તપાસ કરે છે અને દવા-ચશ્મા પ્રીસ્ક્રાઈબ કરે છે.

હાલ ડૉ. ધારા સરધારા, ડૉ. યેશા સવાણી, ડૉ. દિશા જરીવાલા, ડૉ. પૂજા કાપડીયા અને ડૉ. માનસી શાહ ફેલો તરીકે ફરજ બજાવી રહ્યા છે અને ડૉ. જાગૃતિ જરીવાલા અને ડૉ. દર્શના પટેલ સુરતથી તેમજ બારડોલીના સીનીયર ઓપ્થેલ્મોલોજીસ્ટ ડૉ. નીલેશભાઈ નાયક વિઝીટીંગ ઓપ્થેલ્મોલોજીસ્ટ તરીકે સેવા આપી રહ્યા છે.

**મોતિયાની સારવાર :**

સમગ્ર વિશ્વમાં મોતિયો એ નિવારી શકાય તેવા અંધત્વનું મુખ્ય કારણ છે. અને મોતિયાના ઓપરેશનો એ આરોગ્ય સંભાળની પ્રક્રિયાઓમાં સૌથી અસરકારક સારવાર છે. તે ઉંમર વધતા થતી પ્રક્રિયા છે અને નિવારી શકાતી નથી. પરંતુ મોતિયાના ઓપરેશન દ્વારા અને ઈન્ટ્રાઓક્યુલર લેન્સ બેસાડીને દ્રષ્ટિને પુનઃ પ્રાપ્ત કરવું એ ખૂબ જ અસરકારક અને ઝડપી થતું પુનર્વસન છે.

આ વર્ષે સ્મોલ ઈન્સીશન સર્જરી સહિત **કુલ ૯૧૪૮** મોતિયાના ઓપરેશન થયા જે પૈકી **૭૧૫૧** નિઃશુલ્ક થયા (લગભગ ૭૮ટકા)

## ટેબલ નં- ૧ હોસ્પિટલની ઓ.પી.ડીની આંકડાકીય માહિતી (૨૦૨૪-૨૫)

| વર્ષ | નવા | | જુના | | બાળકો (નવા કેસ) | | બાળકો (જુના કેસ) | | આદિવાસી | બિનઆદિવાસી | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | પુરૂષ | સ્ત્રી | | | |
| ૨૦૨૨-૨૩ | ૨૦૫૨૩ | ૧૯૯૦૪ | ૧૧૦૨૫ | ૯૪૪૮ | ૧૮૬૮ | ૧૭૨૧ | ૧૨૦૮ | ૮૧૨ | ૪૧૬૧૬ | ૨૪૮૯૩ | ૬૬૫૦૯ |
| ૨૦૨૩-૨૪ | ૨૬૮૯૧ | ૨૭૮૨૬ | ૧૦૪૨૭ | ૯૧૭૮ | ૨૧૧૯ | ૨૧૧૯ | ૧૧૮૭ | ૬૪૭ | ૫૬૧૭૯ | ૨૪૨૧૫ | ૮૦૩૯૪ |
| ૨૦૨૪-૨૫ | ૧૫૧૧૭ | ૧૫૦૦૯ | ૧૪૬૯૮ | ૧૩૨૧૪ | ૧૧૯૫ | ૧૦૧૪ | ૧૧૪૦ | ૮૧૨ | ૪૩૬૩૨ | ૧૮૫૬૭ | ૬૨૧૯૯ |






**નિષ્ણાંત સેવાઓ : આંખના પડદાની સારવાર (રેટીના ક્લીનીક) :**

આધુનિક યુગમાં આંખના પડદાની સારવાર એક પડકાર જનક અને ખૂબ જરૂરિયાતવાળી શાખા બની ગઈ છે.

મોતિયાના દર્દીઓ ખાસ કરીને શિયાળામાં વધારે આવે જ્યારે કે પડદાની સારવાર કરતા વિભાગમાં આખા વર્ષ દરમિયાન દર્દીઓનું ભારણ રહે છે. વિટ્રીયોરેટીના ડીપાર્ટમેન્ટ (આંખના પડદાની સારવારનો વિભાગ)માં નિદાન અને સારવાર માટે અતિ આધુનિક સાધનો ઉપલબ્ધ છે. ડૉ. કવિન શ્રોફ ફૂલ ટાઈમ પડદાના નિષ્ણાંત ડૉક્ટર તરીકે પડદાના રોગો તેમજ અધૂરા માસે જન્મેલા બાળકોના પડદાની સારવારનું કામ સંભાળે છે. આ વર્ષે એક જ દિવસમાં ડૉ. કવિન શ્રોફ દ્વારા ૮ રેટીના સર્જરી કરવાની વિક્રમ સર્જક કામગીરી પણ થઈ.

પડદાના ઓપરેશન : ૮૮૪
ઈન્ટ્રાવિટ્રીયલ એન્ટી વિઈજીએફ ઈન્જેકશન : ૩૧૨
વિટ્રેક્ટોમી : ૪૬૫
લેસર : ૯૨
અન્ય પડદાના ઓપરેશન : ૧૫

રેટીનોપથી ઓફ પ્રીમેચ્યોરીટીની તપાસ અને સારવારની વિગત ટેબલ નં. **૫** મા આપી છે.

**કીકીના રોગો : (કોર્નીયા ક્લીનીક)**

કોઈ પણ વસ્તુના પ્રતિબિંબ બનવા માટે કીકી એ આંખનો અત્યંત જરૂરી ભાગ છે. પ્રગતિશીલ દેશોમાં કીકીને લગતા રોગો અંધત્વનું મોટું કારણ છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં ખેતી સાથે જોડાયેલા લોકોમાં પશુનું પૂછડું, શીંગડું વાગવાથી કે બીજ-પાંદડા, ડાળખા વિગેરે આઁખમાં વાગવાથી અને તેને લગતી સારવારની અજ્ઞાનતાને કારણે કીકીના રોગોનું પ્રમાણ શહેર કરતા વધું છે.

હાલમાં ડૉ. હિમર્ષી મહેતા - શુકલ કીકીના નિષ્ણાંત ડૉક્ટર તરીકે આ દર્દીઓની સારવારનું કામ સંભાળે છે, તે ઉપરાંત ડૉ. દર્શન કંસારા અને ડૉ. પીંકલ શીરોયા તેમજ ડૉ. શોબીતાબેન શાહ વિઝીટીંગ કન્સલ્ટન્ટ તરીકે આ દર્દીઓની સારવાર નું કામ સંભાળે છે.

કીકીને લગતા ઓપરેશન (કેરેટોપ્લાસ્ટી) - ૬૩
વેલ - ૪૩૫

**ઝામર : (ગ્લોકોમા ક્લીનીક) :**

વિશ્વમાં ઝામરને અંધત્વ માટે મોતિયા પછી બીજા ક્રમે જવાબદાર ગણવામાં આવે છે. ઝામર થવાના મુખ્ય કારણોમાં ઉંમર, વારસાગત ઝામરની બિમારી, ડાયાબિટીસ, આંખમાં વાગવું, દૂર કે નજીકના ચશ્માના નંબર અને સ્ટીરોઈડના લાંબાગાળાના ઉપયોગનો સમાવેશ થાય છે.

હાલમાં અહીં ફૂલ ટાઈમ ઝામરના નિષ્ણાંત નથી, પરંતુ ડૉ. પ્રીતેશભાઈ દેસાઈ ઝામરના દર્દીઓની સંભાળ લઈ રહ્યા છે. તેમજ ડૉ. અભિષેક વાંસદીયા - નવસારીથી અને ડૉ. ખુશ્બુબેન શાહ (વડોદરાથી) નિયમિત રીતે અનુક્રમે દર મંગળવાર-ગુરુવારે વિઝીટીંગ કન્સલ્ટન્ટ તરીકે ઝામરના દર્દીઓની સારવાર કરે છે.

મોતિયો + ઝામર + ફોલ્ડેબલ લેન્સ - ૧૦૫
ઝામર - ૩૫

**બાળકોની આંખના રોગો (પીડીયાટ્રીક ઓપ્થેલ્મોલોજી) :**

અહીં બાળકોને લગતી બધા જ પ્રકારના આંખના રોગોની સેવાઓ જેમકે, મોતિયો, ઝામર, ત્રાંસી આંખ, ચશ્માના નંબરની તપાસ, આળસુ આંખની સારવાર, લોવીઝન, નવજાત શિશુના પડદાની તપાસ (પડદાના ડૉક્ટર દ્વારા) ઉપલબ્ધ છે.

નાના બાળકોની આંખના નિષ્ણાત ડૉક્ટર તરીકે ડૉ. ઉમા શ્રોફ ફૂલ ટાઈમ સેવાઓ આપે છે. ગત વર્ષે જાપાનની કંપની દ્વારા વિકસાવેલ ટેબ્લેટ દ્વારા નાના બાળકોની આળસુ આંખની સારવારનો અભ્યાસ હાથ ધર્યો હતો જેના સંદર્ભમાં બે ડૉક્ટર્સ સહિત ૧૦ સ્ટાફના સભ્યોએ જાપાનની કંપનીના નિમંત્રણથી સ્ટડી ટૂર કરી હતી. સપ્ટેમ્બર મહિનાથી નાના બાળકોના મોતીયાના ઓપરેશન માટેના ખુબ સારામાના લેન્સ માટેની આર્થિક સહાય જીવદયા ફાઉન્ડેશન, અમેરિકા તરફથી પ્રાપ્ત થઈ છે.

કુલ ઓપરેશન : ૨૯૫

મોતિયા : ૪૬

ત્રાંસી આંખ : ૪૮

**આંખની પ્લાસ્ટીક સર્જરી (ઓક્યુલોપ્લાસ્ટી)**

વિઝીટીંગ ઓક્યુલોપ્લાસ્ટી નિષ્ણાંત તરીકે વડોદરાથી ડૉ. શાલીનભાઈ શાહ દર મંગળવારે નિયમિત આવીને આ દર્દીઓની સારવારનું કામ સંભાળે છે. તેઓ એક જ દિવસમાં મોટી સંખ્યામાં Endo nasal dcr સર્જરી કરવાનો ઈતિહાસ ધરાવે છે. આ ઉપરાંત ૨૧મી મેના રોજ ઓર્બીટોટોમીની સર્જરી પણ કરી હતી. ૭ મી સપ્ટેમ્બરે Exenteration (ઓર્બીટમાંથી બધુ જ કાઢી નાંખવાની સર્જરી) ઓપરેશન કર્યું. (આંખના કેન્સરના દર્દી માટે)

ઓક્યુલોપ્લાસ્ટી સર્જરી : ૩૦૩

નાસૂર : ૧૬૦

**ન્યુરો ઓપ્થેલ્મોલોજી :**

સુરતથી ન્યુરો ઓપ્થેલ્મોલોજીસ્ટ ડૉ. તનુજાબેન રાખે દર મહિનાના બીજા અને ચોથા બુધવારે નિયમિત આવીને આ દર્દીઓની સારવારનું કામ સંભાળે છે.

કુલ ૧૮૩ દર્દીઓએ આ સારવાર મેળવી.

**લો વીઝન સર્વીસ :**

લો વીઝનની તકલીફ વાળા દર્દીઓ માટે રોજબરોજનું કામ કરવું મુશ્કેલ હોય છે, વળી પરંપરાગત ચશ્માના નંબર ઉતારવાના ઓપરેશન દ્વારા તેમની દ્રષ્ટિ સુધારી શકાતી નથી. તેથી, લો વીઝન ડીવાઈસ આપીને તેમની પ્રેક્ટીસ કરાવીને આ દર્દીઓ પોતાની દૃષ્ટિનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકે છે

વર્ષ દરમિયાન ૬ દર્દીઓની તપાસ થઈ, જેમાથી ૩ દર્દીઓને નજીકની દૃષ્ટિના ચશ્મા આપ્યા અને ૧ દર્દીને લો વીઝન ડીવાઈસ આપ્યું. આ માટે મુંબઈથી શ્રી જશવંતભાઈ મહેતાનો સહયોગ નોંપાત્ર છે.

**કૃત્રિમ આંખ (ઓક્યુલર પ્રોસ્થેસીસ)**

આ ક્લીનીક દ્વારા કુલ ૬ નંગ તૈયાર આંખના ડોળા દર્દીને બેસાડી આપ્યા અને ૨ દર્દીને તેમની જરૂરિયાત મુજબ બનાવી આપ્યા. આ માટે મુંબઈથી શ્રી જશવંતભાઈ મહેતાનો સહયોગ નોંધપાત્ર છે.

## ટેબલ નં- ૨ સ્પેશ્યાલીટી કામની આંકડાકીય માહિતી

| | ઓપીડી | | | સર્જરી | | |
|---|---|---|---|---|---|---|
| સ્પેશ્યાલીટી | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ | ૨૦૨૪-૨૫ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ | ૨૦૨૪-૨૫ |
| રેટીનાક્લીનીક | ૬૫૩૭ | ૫૬૮૮ | ૫૬૩૫ | ૧૦૬૧ | ૧૦૦૨ | ૮૮૪ |
| ગ્લોકોમા ક્લીનીક | ૫૨૦૯ | ૫૦૩૫ | ૩૩૦૫ | ૧૨૪ | ૮૦ | ૧૩૨ |
| કોર્નીયા ક્લીનીક | ૩૯૯૦ | ૪૪૦૭ | ૪૨૯૮ | ૧૫૨ | ૧૪૭ | ૬૩ |
| ઓક્યુલોપ્લાસ્ટી ક્લીનીક | ૮૨૫ | ૭૪૫ | ૧૨૭૯ | ૩૫૩ | ૨૮૭ | ૩૦૩ |
| પીડીયાટ્રીક ક્લીનીક | ૩૬૦૫ | ૨૪૮૮ | ૨૯૪૬ | ૩૩૫ | ૩૦૩ | ૨૯૫ |
| ન્યુરો ઓપ્થેલ્મોલોજી ક્લીનીક | ૨૪૬ | ૨૯૬ | ૧૮૩ | ૦૦ | ૦૦ | ૦ |
| લો વિઝન ક્લીનીક | ૨૫ | ૦૪ | ૦૬ | ૦૦ | ૦૦ | ૦ |
| કુલ | ૨૦૪૩૭ | ૧૮૬૬૩ | ૧૭૬૫૨ | ૨૦૨૫ | ૧૮૧૯ | ૧૬૭૭ |

સ્પેશ્યાલીટી ક્લીનીક







## નાનકડી પરીની દ્રષ્ટિ બચાવી શકાઈ !

૧ વર્ષની પરી (નામ બદલ્યું છે)નો પરિવાર બારડોલી તાલુકાના સેજવાડ ગામમાં રહે છે. અધૂરા માસે જન્મેલી પરીનું વજન પણ ખૂબ ઓછું હતું તેથી તેને બારડોલીની હોસ્પિટલમાં NICUમાં રાખવી પડી હતી. ત્યાર બાદ તેને વ્યારાની અન્ય હોસ્પિટલમાં દાખલ કરવી પડી, જ્યાં દિવ્યજ્યોતિ ટ્રસ્ટનો સ્ટાફ અધૂરા માસે જન્મેલા બાળકોની રેટીનોપથી ઓફ પ્રીમેચ્યોરીટીની તપાસ માટે દર શુક્રવારે નિયમિત જાય છે.

પરી જ્યારે ૨ માસની હતી, ત્યારે તેની તપાસ કરી હતી પરંતુ તેને NICUમાં જ રાખવી પડે તેમ હતી, વળી પડદાની સારવાર કરવી પણ જરૂરી હતી. તેથી તેજસ હોસ્પિટલ અને વ્યારાની બાળકોની હોસ્પિટલના સહકારથી પરીને માંડવી લાવ્યા, અને પડદાની સારવાર માટે ઈંજેકશન આપ્યા. ત્યાર બાદ ૩-૪ માસ સુધી ફોલોઅપ કર્યુ. જો કે આટલી સારવાર પૂરતી નહોતી. પરીને લેઝર દ્વારા સારવાર આપવી પણ જરૂરી હતી. આથી છેવટે ૨-૧-૨૫ના રોજ તેની બન્ને આંખોમાં લેસર સારવાર થઈ શકી.

બાળકીને NICUમાં રાખવી પણ જરૂરી હતી અને પડદાની સારવાર પણ જરૂરી હતી. આપણે ROP તપાસ માટે NICU માં જઈને તપાસ કરીને નિદાન કરી શકીએ છીએ તેમજ સમયસર સારવારથી નવજાત શિશુની દ્રષ્ટિ પણ બચાવી શકીએ છીએ.

પરીના પરિવારજનો ખુબ ખુશ છે અને હોસ્પિટલ ખૂબ પ્રગતિ કરે અને જરૂરીઆતમંદ લોકોની સારવાર કરતા રહે એવા આશિર્વાદ આપે છે.

## ટેબલ નં- ૩ ભૌગોલિક વિસ્તાર પ્રમાણે કુલ કામગીરી (૨૦૨૪-૨૫)

| રાજ્ય/જીલ્લો | નવા | | જુના | | કુલ | | દાખલ દર્દી | |
|---|---|---|---|---|---|---|---|---|
| ગુજરાત | ૨૦૨૩-૨૪ | ૨૦૨૪-૨૫ | ૨૦૨૩-૨૪ | ૨૦૨૪-૨૫ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૪-૨૫ | ૨૦૨૨-૨૩ | ૨૦૨૪-૨૫ |
| સુરત | ૨૨૧૭૩ | ૧૩૨૯૯ | ૧૦૫૬૨ | ૧૩૮૮૫ | ૩૨૭૩૫ | ૨૭૧૮૪ | ૩૦૫૭ | ૩૬૦૭ |
| તાપી | ૨૫૧૨૧ | ૧૧૩૬૬ | ૪૯૬૯ | ૬૦૦૧ | ૩૦૦૯૦ | ૧૭૩૬૭ | ૩૯૫૦ | ૨૭૭૬ |
| ભરૂચ | ૨૦૭૨ | ૧૫૯૧ | ૧૯૫૧ | ૨૫૮૩ | ૪૦૨૩ | ૪૧૭૪ | ૪૯૨ | ૭૨૦ |
| નવસારી | ૩૩૦ | ૧૧૧ | ૧૮૪ | ૨૧૩ | ૫૧૪ | ૩૨૪ | ૧૧૫ | ૪૯ |
| નર્મદા | ૪૧૪૦ | ૨૩૬૦ | ૧૯૨૩ | ૨૮૭૪ | ૬૦૬૩ | ૫૨૩૪ | ૧૨૨૮ | ૧૨૦૯ |
| વલસાડ | ૩૮૨ | ૧૬૧ | ૧૩૧ | ૧૫૭ | ૫૧૩ | ૩૧૮ | ૧૮૦ | ૧૫૦ |
| અન્ય જીલ્લા | ૧૬૪૩ | ૧૨૬૪ | ૨૯૫ | ૭૨૫ | ૧૯૩૮ | ૧૯૮૯ | ૪૯૮ | ૬૮૭ |
| અન્ય રાજ્ય | - | ૦૪ | - | ૦૩ | ૦૦ | ૦૭ | - | - |
| મહારાષ્ટ્ર | | | | | | | | |
| નંદુરબાર | ૩૦૯૪ | ૨૦૭૪ | ૧૪૨૪ | ૩૩૪૧ | ૪૫૧૮ | ૫૪૧૫ | ૧૫૭૧ | ૨૧૨૨ |
| મહારાષ્ટ્ર અન્યજીલ્લા | ૦૦ | ૧૦૫ | ૦૦ | ૮૨ | - | ૧૮૭ | - | ૮૬ |
| **કુલ** | **૫૮૯૫૫** | **૩૨૩૩૫** | **૨૧૪૩૯** | **૨૯૮૬૪** | **૮૦૩૯૪** | **૬૨૧૯૯** | **૧૧૦૯૧** | **૧૧૪૦૬** |

## વિઝન સેન્ટર / સેટેલાઈટ સેન્ટર

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| વ્યારા | ૫૧૯૦ | ૪૮૧૩ | ૩૮૪૨ | ૩૩૯૧ | ૯૦૩૨ | ૮૨૦૪ | ૬૯૦ | ૬૩૨ |
| નેત્રંગ | ૬૧૦૨ | ૪૭૮૪ | ૨૭૪૩ | ૨૩૩૫ | ૮૮૪૫ | ૭૧૧૯ | ૬૪૮ | ૪૬૩ |
| ઝંખવાવ | ૨૩૨૯ | ૧૯૭૨ | ૨૯૯ | ૨૯૭ | ૨૬૨૮ | ૨૨૬૯ | ૧૨૮ | ૧૬૦ |
| સાગબારા | ૧૪૬૯ | ૧૨૦૩ | ૫૮૨ | ૫૭૪ | ૨૦૫૧ | ૧૭૭૭ | ૩૨૫ | ૩૩૭ |
| ડેડીયાપાડા | ૧૦૮૦ | ૬૯૩ | ૨૯૧ | ૮૬ | ૧૩૭૧ | ૭૭૯ | ૧૩૦ | ૧૩૨ |
| બારડોલી | ૭૫૯ | ૮૪૭ | ૧૪૦ | ૮૫ | ૮૯૯ | ૯૩૨ | ૧૧ | ૦૨ |
| ઉચ્છલ | ૨૫૩૭ | ૧૪૪૭ | ૧૩૭૦ | ૫૬૧ | ૩૯૦૭ | ૨૦૦૮ | ૧૨૨૪ | ૮૧૬ |
| ઉમરપાડા | ૨૦૨૧ | ૧૪૬૦ | ૪૪૭ | ૪૦૦ | ૨૪૬૮ | ૧૮૬૦ | ૧૫૯ | ૧૪૭ |
| ખાપર | ૨૫૧૭ | ૧૯૧૭ | ૬૬૦ | ૬૫૩ | ૩૧૭૭ | ૨૫૭૦ | ૪૧૩ | ૪૩૦ |
| કીમ | ૨૦૬૯ | ૧૭૪૩ | ૫૨૭ | ૫૨૧ | ૨૫૯૬ | ૨૨૬૪ | ૧૩૯ | ૧૦૫ |
| કોસંબા | ૨૪૧૮ | ૨૬૯૫ | ૭૯૮ | ૫૧૦ | ૩૨૧૬ | ૩૨૦૫ | ૯૩ | ૯૭ |
| અંકલેશ્વર | ૬૦૫ | ૪૯૨ | ૧૫ | ૫૫ | ૬૨૦ | ૫૪૭ | ૦૧ | ૦૧ |
| માલીબા | - | ૪૭૧ | - | ૦૪ | - | ૪૭૫ | - | ૦૩ |
| વીઝનસેન્ટરકુલ | ૨૯૦૯૬ | ૨૪૫૩૭ | ૧૧૭૧૪ | ૯૪૭૨ | ૪૦૮૧૦ | ૩૪૦૦૯ | ૩૯૬૧ | ૩૩૨૫ |
| **કુલ** | **૮૮૦૫૧** | **૫૬૮૭૨** | **૩૩૧૫૩** | **૩૯૩૩૬** | **૧૨૧૨૦૪** | **૯૬૨૦૮** | **૧૫૦૫૨** | **૧૪૭૩૧** |

**લેબોરેટરીની સુવિધા :**

હોસ્પિટલમાં આવતા દર્દીઓના રોગોના સેમ્પલ લઈ તેનું નિદાન અને સારવાર માટે લેબોરેટરી તપાસ થવી એ અગત્યનો ભાગ ભજવે છે.

તેજસ આંખની હોસ્પિટલની પોતાની લેબોરેટરી દ્વારા આંખની સારવાર માટે જરૂરી, ઓપરેશન પહેલાની લેબોરેટરી તપાસ અત્યંત રાહત દરે કરવામાં આવે છે (ગરીબ દર્દીઓ માટે નિઃશુલ્ક સેવા ઉપલબ્ધ છે).

વર્ષ દરમિયાન લેબોરેટરી દ્વારા થયેલી તપાસની માહિતી ટેબલ નં. ૪ માં આપી છે.

## ટેબલ નં : ૪ વર્ષ દરમિયાન લેબોરેટરી દ્વારા ઓ.ટી.કલ્ચર અને તપાસની માહિતી

| ક્રમ | વિગત | વર્ષ દરમિયાન થયેલ 'કલ્ચર'ની આંકડાકીય વિગત |
|---|---|---|
| ૧ | માંડવી આંખની હોસ્પિટલનું ઓપરેશન થીયેટર | ૧૦ |
| ૨ | નેત્રંગ સેટેલાઈટ સેન્ટરનું ઓપરેશન થીયેટર | ૧૩ |
| ૩ | એવાસ્ટીન ઈંજેકશન | ૧૭ |
| ૪ | બાયોલોજીકલ ઈંડીકેટર | ૧૬ |
| ૫ | ઓટી સ્ક્રબ એરીયા (માંડવી) પાણીના સેમ્પલ | ૧૦ |
| ૬ | ઓટી ઈન્સ્ટ્રુમેન્ટ વોશીગ એરીયા (માંડવી) પાણીના સેમ્પલ | ૧૦ |
| ૭ | ઓટી સ્ટાફ નેઈલ / નેઝલ સ્વોબ | ૦૨ |
| ૮ | આઈ બેંક લેમીનાર ફલો | ૧૧ |
| ૯ | માઈક્રોબાયોલોજી લેબ લેમીનાર ફલો | ૧૧ |
| ૧૦ | ઓટી લેમીનાર ફલો (માંડવી) | - |
| ૧૧ | વ્યારા ઓટી સ્ક્રબ એરીયા પાણીનું સેમ્પલ | ૦૨ |
| ૧૨ | લેમીનાર ફલો (નેત્રંગ) | ૦૬ |
| ૧૩ | ઓટી સ્ટાફ નેઈલ / નેઝલ સ્વોબ(નેત્રંગ) | ૦૧ |
| ૧૪ | ઓટી ઈન્સ્ટ્રુમેન્ટ વોશીગ એરીયા (નેત્રંગ) પાણીનું સેમ્પલ | ૦૨ |
| ૧૫ | ઓટી સ્ક્રબ એરીયા (નેત્રંગ) | ૦૨ |
| ૧૬ | વ્યારા ઓટી નેઈલ/નેઝલ સ્વોબ | ૦૨ |
| ૧૭ | વ્યારા ઓટી. લેમીનર ફલો | ૦૨ |

| ક્રમ | લેબોરેટરીમાં થયેલ તપાસની માહિતી | લેબોરેટરીમાં થયેલ તપાસની આંકડાકીય વિગત |
|---|---|---|
| ૧ | હીમોગ્લોબીન | ૧૩૬ |
| ૨ | ઈ.એસ.આર. | ૪૧૯ |
| ૩ | સી.બી.સી. | ૮૭૯ |
| ૪ | બી.ટી.એન્ડ સી.ટી. | ૨૦૨ |
| ૫ | વી.ડી.આર.એલ. | ૨૯૦ |
| ૬ | એમ.ટી. | ૧૧૭ |
| ૭ | લીપીડ પ્રોફાઈલ | ૩૭ |
| ૮ | આર.એ. ફેકટર | ૧૨૦ |
| ૯ | બ્લડ યુરીયા | ૧૧૪ |
| ૧૦ | સીરમ કોલેસ્ટેરોલ | ૦૪ |
| ૧૧ | સીરમ ક્રીએટીનાઈન | ૨૪૭ |
| ૧૨ | યુરીન સુગર | ૪૧૧૮ |
| ૧૩ | આર.બી.એસ. | ૧૦૯૯૯ |
| ૧૪ | એચ.આઈ.વી. | ૪૪૮ |
| ૧૫ | એચ.બી.એસ.એ.જી. | ૪૨૭ |
| ૧૬ | એચ.બી.એ.વન.સી. | ૭૮૫ |
| ૧૭ | કલ્ચર | ૨૫૫ |
| ૧૮ | બાયોપ્સી | ૬૫ |
| ૧૯ | ગ્રામ સ્ટેઈન | ૨૧૦ |
| ૨૦ | ફાસ્ટીગ બ્લડ સુગર | ૯૨૪ |
| ૨૧ | જમ્યા પછીનું સુગર | ૨૪૫ |
| ૨૨ | અન્ય તપાસ | ૩૧૫ |
| ૨૩ | ઈ.સી.જી. | ૨૩૭૬ |
| ૨૪ | એચ. સી. વી. | ૨૯૯ |

# હોસ્પીટલની બહારની પ્રવૃત્તિઓ (ક્ષેત્રીય કામગીરી)

દિવ્યજ્યોતિ ટ્રસ્ટની રચના પાછળનો હેતુ અંતરિયાળ વિસ્તારના લોકોને ઘરઆંગણે આંખની સારવારની સુવિધા આપવાનો હોવાથી જુદી જુદી આઉટરીચ પ્રવૃત્તિ (ક્ષેત્રીય કામગીરી) દ્વારા આ હેતુ પૂર્ણ કરવામાં આવે છે.

**૧. નેત્રનિદાન કેમ્પ :**

હોસ્પિટલની કામગીરીમાં નેત્રનિદાન કેમ્પ દ્વારા દર્દીઓની તપાસ કરીને સર્જરી માટે દર્દીઓને અલગ તારવવાનું ખૂબ અગત્યુનું કામ થઈ રહ્યું છે. વર્ષ દરમિયાન જે તે વિસ્તારમાં કેમ્પ કરવા માટે આગોતરૂ આયોજન કરીને તેનું અમલીકરણ કરવામાં આવે છે.

કેમ્પની આયોજનબધ્ધ કામગીરી, વાહનવ્યવસ્થા, દર્દીઓના તથા સગાઓના ત્રણ ટંક ભોજન-નિવાસ તથા ઓપરેશન, દવા-ચશ્માની નિઃશુલ્ક સુવિધા, આ બધા પરિબળોને કારણે કેમ્પ અત્યંત સફળ ઘટક બની રહ્યા છે.

વર્ષ દરમિયાન હોસ્પિટલ દ્વારા કેટલાક નિયમિત કેમ્પ માટે સહયોગ કરનારા દાતાઓ, KAPS, ફૂલર્ટન કંપની તેમજ અંધજનપુનર્વસન કાર્યક્રમ અંતર્ગત કેમ્પનું નિયમિત આયોજન થાય છે જેની કામગીરી ટેબલ નં. **૫** માં દર્શાવી છે. આ ઉપરાંત અંકલેશ્વર જી.આઈ.ડી.સીના ૬ ઔદ્યોગિક એકમના કુલ ૨૮૬ કર્મચારીઓની તપાસ કરી અને અમદાવાદ શાર્પેજ ઈન્ડસ્ટ્રીઝના વર્કરોની તપાસ કરી. મહુવા પોલીસ સ્ટેશન દ્વારા ૧ નેત્રનિદાન કેમ્પનું ૯ મી મે એ આયોજન થયું હતું.

**૨. રેટીનોપથી ઓફ પ્રીમેચ્યોરીટી (ROP) પ્રોજેક્ટ :**

રેટીનોપથી ઓફ પ્રીમેચ્યોરીટી પ્રોજેક્ટ અંતર્ગત નવજાત શિશુના આંખના પડદાની તપાસ અને સારવારની પ્રવૃત્તિ ચાલુ જ છે. આ પ્રોજેક્ટ માટે મીશન ફોર વીઝન સંસ્થા દ્વારા ફંડીંગ મળ્યું છે. નવજાત શિશુઓની આંખમાં થતા આ રોગનું આગોતરા નિદાન અને સારવાર દ્વારા અસંખ્ય શિશુઓને અંધ થતા બચાવી શકાય છે તેનો અત્યંત આનંદ અને સંતોષ છે. આ માટે વાલીઓમાં જાગૃતિ આવે તે માટે બારડોલીમાં ૧૬/૧૨/૨૪ના રોજ તેમજ નવસારીમાં ૨૦/૧૨/૨૪ના રોજ વાલી મિટીંગ કરી.

આ કામગીરીની વિગતવાર આંકડાકીય માહિતી **ટેબલ નં-૬** માં દર્શાવી છે.

**૩. સેટેલાઈટ સેન્ટર અને વિઝન સેન્ટર :**

માંડવીની આજુબાજુના ૧૦૦ કિમી ત્રિજ્યા વિસ્તારના લોકોને ઘરઆંગણે આંખની સારવાર મળી રહે તે માટે જુદી જુદી ક્ષેત્રીય પ્રવૃત્તિ પૈકી વિઝન સેન્ટર અને સેટેલાઈટ સેન્ટર મહત્વનો ફાળો આપે છે. ૨૦૧૨ થી ૨૦૨૪ દરમિયાન ૧૦ વિઝન સેન્ટર્સ (૧૦મુ વિઝન સેન્ટર નવે. ૨૪ના રોજ શરૂ થયું) અને ૩ સેટેલાઈટ સેન્ટર્સ કાર્યરત થયા. વિઝન સેન્ટર પર ઓપ્થેલ્મીક આસીસ્ટંટ દ્વારા તપાસ થાય છે તેમજ સેટેલાઈટ સેન્ટર પર તપાસ ઉપરાંત ઓપરેશનની કામગીરી પણ થાય છે. વ્યારા સેટેલાઈટ સેન્ટર પર ફૂલ ટાઈમ ડૉક્ટર હાજર હોવાથી નિયમિત ઓપરેશન થાય છે. નેત્રંગ સેટેલાઈટ સેન્ટર પર અઠવાડિયામાં બે વાર ડૉક્ટર જાય અને ઓપરેશન કરે જ્યારે ઝંખવાવ સેટેલાઈટ સેન્ટર પર છેલ્લા ત્રણેક વર્ષથી ઓપરેશન થીયેટરના મરામ્મતનું કામ બાકી હોવાને કારણે ઓપરેશનની કામગીરી થઈ શકતી નથી (સરકારશ્રીને વારંવાર રજૂઆત કરવા છતા)

દરેક વિઝન સેન્ટર પર આંખ તપાસ માટે અતિ આધુનિક સાધનો ઉપલબ્ધ છે. આ ઉપરાંત ચશ્મા/દવાની જરૂરિયાત વાળા દર્દીને દવા-ચશ્મા તરત જ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

બધા વિઝન સેન્ટર્સ તેમજ સેટેલાઈટ સેન્ટર્સ માંડવી બેઝ હોસ્પિટલ સાથે ટેલી કન્સલ્ટેશનથી જોડાયેલા છે એટલે માંડવી સ્થિત આંખના નિષ્ણાંત ડૉક્ટર, જે તે વિઝન સેન્ટર પર બતાવવા આવેલા દર્દીની કોમ્પ્યુટર પર તપાસ કરીને નિદાન/સારવાર કરે છે. આમ દર્દીનો માંડવી આવવા જવાનો સમય-ખર્ચ બચત થાય છે. જે દર્દીને ઓપરેશનની જરૂર હોય તેવા દર્દીને બસની સુવિધા ગોઠવીને માંડવી લાવીને ઓપરેશનની કામગીરી કરવામાં આવે છે.

વિઝન સેન્ટરની કામગીરીની માહિતી આપવા માટે નિયમિત કોમ્યુનિટી મિટીંગનું આયોજન કરવામાં આવે છે જેની વિગત નીચે ટેબલમાં દર્શાવી છે. જો કે આમ છતાં ગત વર્ષની સરખામણીએ કામગીરી ઘટી છે, તે જોતાં વિઝન સેન્ટરો પર વધુ લોકો આંખ તપાસ માટે આવે તે માટે નીચે મુજબના પ્રયત્નો શરૂ કર્યા છે.

- દરેક વિઝન સેન્ટર પર ૨ સ્ટાફની નિમણૂંક કરી. ૧ સ્ટાફ રેગ્યુલર ઓપીડી તપાસ માટે, અન્ય સ્ટાફ ડોર ટુ ડોર સ્ક્રીનીંગ માટે.
- સેન્ટરની આજુબાજુ ૫ કિંમી ત્રિજ્યા વિસ્તારમાં ફીલ્ડ વર્ક કરીને જે દર્દી ૩ દિવસની અંદર તપાસ કરાવવા આવે તેની ફ્રી તપાસ અને દવા ચશ્મામાં રાહત આપવામાં આવે છે. આ માટે સરપંચ, ગામના આગેવાન, આશા વર્કર વિગેરે ની મદદ લઈએ છીએ.
- જે તે વિસ્તારમાં પોસ્ટરો લગાડવામાં આવે છે ગ્રામ સભાઓમાં જઈને વિઝન સેન્ટરની માહિતી આપવામાં આવે છે.
- ફ્રી સર્જરી થઈ હોય તેવા દર્દીની સુપરવાઈઝર દ્વારા હોમ વિઝીટ કરવામાં આવે છે.

વિઝન સેન્ટર અને સેટેલાઈટ સેન્ટર પર થયેલી કામગીરીની વિગત ટેબલ નં. ૭ માં આપી છે.

વિઝન સેન્ટર પર કોમ્યુનિટી મિટીંગની વિગત નીચે ટેબલમાં દર્શાવી છે.

| ક્રમ | વિઝન સેન્ટર | કોમ્યુનિટી મિટીંગ | હાજર સભ્યો |
|---|---|---|---|
| ૧ | ખાપર | ૧૬-૪-૨૪ અને ૨૧-૨-૨૫ | ૨૫ |
| ૨. | અંકલેશ્વર | ૧૭-૬-૨૪ | ૨૦ |
| ૩. | ઉમરપાડા | ૨૭-૮-૨૪ | ૨૫ |
| | | ૨૫-૧૨-૨૪( નવા પ્રોજક્ટની અવેનેસ માટે) | ૩૦ |
| ૪. | સેલંબા | ૧૨-૯-૨૪ | ૨૫ |
| ૫. | નેત્રંગ | ૨૦-૧૧-૨૪ | ૭૦ |
| ૬. | કીમ | ૪-૨-૨૫ | ૪૦ |
| | | આશાવર્કર પી.એચસી મીટીંગ | ૬૦ |

વ્યારા સેટેલાઈટ સેન્ટર અને ખાપર વિઝન સેન્ટરની કામગીરીનું મીશન ફોર વીઝનના પ્રતિનિધિ શ્રી દેબાશિષ મૈતી દ્વારા ૨૫ થી ૨૭ નવેમ્બર દરમિયાન ઓડીટ કરવામાં આવ્યું.

## ૪. ટ્રક ડ્રાઈવરની તપાસ માટેના કેમ્પ :-

સામાન્ય રીતે ટ્રક ડ્રાઈવર્સનો વધુમાં વધુ સમય રસ્તા પર જતો હોય, જે સ્વાભાવિક છે. આવા સંજોગોમાં તેમની નબળી દ્રષ્ટિ કે અન્ય શારીરિક તકલીફ અકસ્માત નોતરી શકે, તે જોતાં ટ્રક ડ્રાઈવર્સની આખોની તપાસ અને ચશ્મા વિતરણની કામગીરી છેલ્લા ઘણા વર્ષોથી કરીએ છીએ. આ કામગીરી મીશન ફોર વીઝન દ્વારા સ્પોન્સર્ડ છે. આ વર્ષે ગુજરાત કેમીકલ પોર્ટ દ્વારા પણ આ માટે સહાય કરવામાં આવી. કામગીરીની વિગત નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| કુલ તપાસ : | ૧૦૦૪૭ | તૈયાર ચશ્મા વિતરણ : | ૫૯૩૨ |
| દવા : | ૩૧૦ | ઓર્ડર પ્રમાણે ચશ્મા : | ૪૫૦ |
| મોતિયા માટે રીફર : | ૧૨૩ | અન્ય રીફર : | ૭૯ |

## ૫. શાળાએ જતા બાળકોની ચશ્માની તપાસ :-

પ્રમાણભૂત અભ્યાસ દ્વારા જાણવા મળ્યુ છે કે ચશ્માના નંબર હોય, છતાં ચશ્મા ન પહેરવામાં આવે, તો બાળકની શૈક્ષણિક પ્રગતિમા અવરોધ ઉભો થાય છે. આવું બનતું અટકાવવા માટે શાળાએ જતા બાળકોના ચશ્માના નંબરની તપાસ કરી, ચશ્માની જરૂરિયાતવાળા બાળકો ચશ્મા પહેરતા થાય, તે માટે પ્રયત્નો કરીએ છીએ. તે મુજબ જુદી જુદી ૩૨ જાતની ફ્રેમ લઈ જઈને, જે બાળકોને ચશ્માના નંબર હોય, તેમને ચશ્મા આપીને પહેરવા પ્રોત્સાહિત કરીએ છીએ. વર્ષ દરમિયાન કરેલી કામગીરીની વિગત નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| કુલ શાળા (જેમા તપાસ કરી) : | ૯૭ | | |
| બાળકો : | ૪૫૪૩ (છોકરાઓ) | + ૪૨૩૮ (છોકરીઓ) | = ૮૭૮૧ |
| ચશ્મા આપ્યા : | ૧૨૧ ,, | + ૪૧૫૧ ,, | = ૨૬૯ |
| હોસ્પિટલ રીફર : | ૮૬ ,, | + ૬૯ ,, | = ૧૫૫ |
| હોસ્પિટલ આવ્યા | ૪૯૮ ,, | + ૨૬ ,, | = ૭૫* |

* હોસ્પિટલ આવેલા ૭૫ બાળકો પૈકી ૨૬ બાળકોને ચશ્મા આપ્યા

૭ બાળકોને ચશ્મા + પેચ આપ્યા (આળસુ આંખની સારવાર માટે)

૨ બાળકોને પેચીંગ કર્યું (આળસુ આંખની સારવાર માટે)

૧૦ બાળકોની ત્રાંસી આંખની સર્જરી થઈ

૩ બાળકોની પડદાની સર્જરી

૫ બાળકોના મોતિયાના ઓપરેશન કર્યા

૩ બાળકોને ઓક્યુલોપ્લાસ્ટી સર્જરી

૩ બાળકોને ડ્રોપ્સ આપ્યા

૩ બાળકોને ડ્રોપ્સ + ચશ્મા આપ્યા

૭ બાળકોને અન્ય સારવાર

૧ બાળકને કસરત કરાવી

## ૬. ઉમરપાડા (સીમેન્સ હેલ્થીનીઅર્સ અને દિવ્યજ્યોતિ ટ્રસ્ટ) ચશ્મા પ્રોજેક્ટ :

ઉમરપાડા તાલુકાની લગભગ ૯૦૦૦૦ જેટલી વસ્તીને આવરી લેતો ઘનિષ્ઠ આંખ સંભાળનો કાર્યક્રમ સપ્ટેમ્બર-૨૦૨૪ થી શરૂ કરવામાં આવ્યો. જેનો મુખ્ય હેતુ ઘરે ઘરે ફરીને આંખની તપાસ અને સારવાર કરીને ૧.૧/૨ વર્ષના અંતે તાલુકાને નિવારી શકાય તેવા અંધત્વથી મુક્ત કરવાનો છે. આ પ્રોજેક્ટ દ્વારા લોકોને આંખના વિવિધ રોગોની માહિતી આપીશું, આધુનિક ટેકનોલોજી દ્વારા થતી સારવાર વિશે જાણકારી આપીશું અને સારવારની જરૂરિયાત વાળા દર્દીઓને માંડવી રીફર કરી સારવાર આપી ને રોગથી મુક્તિ અપાવીશું.

આ પ્રોજેક્ટને અમલમાં મૂકવા ૭ ફીલ્ડ વર્કર અને ૧ સુપરવાઈઝરની નિમણૂંક કરી તેમને યોગ્ય તાલીમ આપી છે. ૬ ફીલ્ડ વર્કરો ઘરે ઘરે ફરીને વિઝન તેમજ BP/RBS ચેક કરે છે. આંખના એન્ટીરીયર સેગ્મેન્ટના ફોટા પાડે છે. ૧ ફીલ્ડ વર્કર ઘરે ઘરે જઈને ૪૦ વર્ષથી વધુ વયના લોકોની આંખના ફંડસ ફોટા અને IOP ચેક કરે છે.

જે તે ગામમાં આંખની તપાસ પુરી થતા નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવે છે, જેમાં દર્દીની આંખની તપાસ ચશ્મા વિતરણ, દવા આપવી અને ઓપરેશનની જરૂરિયાતવાળા દર્દીને માંડવી લઈ જઈ ઓપરેશન કરવામા આવે છે. આ પ્રોજેક્ટની કામગીરી ટેબલ નં. ૫ (કેમ્પસના ટેબલ સાથે) માં દર્શાવી છે. આ કેમ્પમાં આંખના પડદાના ફોટા પણ પાડવામાં આવે છે.

## ૭. સોનગઢ અંધજન પુનર્વસન કાર્યક્રમ (CBR) :-

કોરોનાના સમયગાળા દરમિયાન અંધજન પુનર્વસન કાર્યક્રમ બંધ રહ્યો હતો. જે જાન્યુઆરી ૨૩ થી સોનગઢ તાલુકામાં શરૂ કર્યો. વર્ષ દરમિયાન અંધજન પુનર્વસન કાર્યકરોની બીજા મોડ્યુલની તાલીમ માટે જૂલાઈ ૨૪ માં ૧ અઠવાડિયા માટે અમદાવાદ બ્લાઈન્ડ પીપલ્સ એસોસીયેશન, વસ્ત્રાપુર મોકલ્યા.

સોનગઢ તાલુકાના ૮ કલસ્ટર માં કુલ ૨૦૮૧૧ ઘરોમાં ઘરે ઘરે ફરીને ૧,૨૦,૯૭૫ લોકોની દ્રષ્ટિની તપાસ થઈ (કુલ વસ્તી ૨,૩૩,૭૭૦) ગત વર્ષ દરમિયાન ૧,૧૨,૭૯૫ લોકોની દૃષ્ટિની તપાસ થઈ હતી. જેમાંથી મોતિયાના ઓપરેશન માટે ૧૧૪૪ લોકોને રીફર કર્યા હતા. ૯૧૦ લોકોના ઓપરેશન થયા અને ૫ હજારથી વધુ લોકોને ચશ્મા આપ્યા.

૧.૨૦ લાખ લોકોની તપાસમાંથી ૧૬૭ પ્રજ્ઞાચક્ષુ મળ્યા. જેમાંથી ૪૮ લોકોનું પુનવર્સન કર્યું, ૩૮ લોકોને અંધત્વના સર્ટીફીકેટ કઢાવી આપ્યા. તેમજ ૩૮ લોકોના બસ પાસ અપાવ્યા. અને ૩૩ લોકોને સંત સુરદાસ યોજના હેઠળ પેન્શન અપાવ્યું. ૭ બાળકોને સંકલિત શિક્ષણમાં દાખલ કર્યા.

### દાદાજી નવી દૃષ્ટિ પામ્યા !!

૧૦૧ વર્ષના રઘુનાથજી (નામ બદલ્યું છે) મૂળ ઉત્તરપ્રદેશના પ્રતાપગઢ જીલ્લાના **ગામ.** ઈબ્રાહીમપુરના રહેવાસી છે. આશરે ૧૦ વર્ષ પહેલાં તેમની જમણી આંખના મોતિયાનું ઓપરેશન થયેલ હતું. પરંતુ છેલ્લા છ-સાત માસથી ડાબી આંખમાં દેખાતું ઓછુ થઈ ગયું. તે અગાઉ રઘુનાથજી ખેતીનું કામકરતા હતા, પરંતુ હવે દેખાતું ઓછુ થતાં તેઓ ઘરે જ રહેવા લાગ્યા અને દુઃખી થઈ ગયા. વળી તેમની પાસે પુરતા પૈસા નહોતા તેથી તેમના વતનમાં ક્યાંય બતાવ્યું નહિ.

રઘુનાથજીના પૌત્ર સુરતના ઓલપાડ મુકામે શાકભાજીનો ધંધો કરે છે, તેમણે દાદાને ઓલપાડ બોલાવ્યા અને આજુબાજુના લોકો સાથે વાતચીત કરતાં તેઓએ એમને માંડવી-તેજસ આંખની હોસ્પિટલમાં જવાની સલાહ આપી.

માંડવીમાં તેમની આંખની તપાસ થતા જણાયું કે દાદાનું ડાબી આંખનું મોતિયાનું ઓપરેશન કરવું પડશે અને ઓપરેશનનાં જુદા જુદા પેકેજ ચાર્જીસ પણ સમજાવ્યા. તેમણે પસંદ કરેલા પેકેજ મુજબ ઓપરેશન કરી આપ્યું.

ઓપરેશન પછી ડાબી આંખમાં દેખાતું થઈ જતાં રઘુનાથજી ખુબ ખુશ થઈ ગયા. તેમના પરિવારજનો જણાવે છે કે માંડવીમાં ખુબજ ઓછાં ખર્ચે મોટા મશીનો પર આંખની તપાસ અને સારવાર સંતોષકારક રીતે પાર પાડવામાં આવે છે. હવે અમે અમારી જાણમાં કોઈપણ દર્દી હશે તેમને સારવાર માટે માંડવી મોકલવાની સલાહ આપીશું.

૮. ચશ્મા પ્રોજેક્ટ :

અમેરિકા સ્થિત શ્રી મનુભાઈ શાહના સૂચનથી શ્રીમદ્ રાજચંદ્ર હોસ્પીટલ, તથા શ્રીમદ્ રાજચંદ્ર સર્વમંગલ ટ્રસ્ટ દ્વારા શક્ય એટલા વધુ લોકોની તપાસ કરી જરૂરિયાતવાળા બધાજ લોકોને ચશ્મા રાહત દરે આપવાની કામગીરી દિવ્યજ્યોતિ ટ્રસ્ટને સોંપવામાં આવી હતી. આ કામગીરી નવેમ્બર ૨૦૨૩ થી શરૂ કરી હતી. કુલ ૫,૨૯,૪૭૯ લોકોની તપાસ પૈકી સોનગઢ અંધજનપુનર્વસન કાર્યક્રમ અંતર્ગત ૨,૩૮,૨૨૩ લોકો, કેમ્પમાં ૩૮,૩૨૨ નેત્રંગ તાલુકાની ૧૦૦ ટકા વસ્તી તપાસ પૈકી ૧,૩૩,૯૮૪ લોકોની, શાળાકીય તપાસ અંતર્ગત ૧૯૬૩૩ - બાળકોની, ૧૫૦૩૦ - ટ્રક ડ્રાઈવર્સ તેમજ ફીલ્ડ વર્કર દ્વારા ૩૩૬૫૯ લોકોની તપાસ થઈ અને ઉ.પાડા ૫૦,૬૨૮

આ વર્ષે એપ્રિલ ૨૪ થી માર્ચ ૨૫ દરમિયાન કુલ ૪,૦૭,૩૩૭ લોકોની તપાસ થઈ જેમાં ૨૮,૩૯૫ લોકોને તૈયાર ચશ્મા આપ્યા અને ૪,૪૪૦ લોકોને ઓર્ડર પ્રમાણે ચશ્મા બનાવીને આપ્યા. મોતિયા માટે ૨૪૪૦ રીફર થયા અને ૮૩૩ સ્પેશ્યાલીટી માટે રીફર થયા.

**ટેબલ નંબર-૫ કેમ્પની આંકડાકીય માહિતી :**

| કેમ્પની વિગત | કુલ કેમ્પની સંખ્યા | ઓપીડી | મોતિયા માટે રીફર | સ્પે. રીફર | તૈયાર ચશ્મા | ઓર્ડર પ્રમાણે ચશ્મા | દવા | મોતિયાના ઓપરેશન | સ્પેશ્યાલીટી | અન્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મુખ્ય કેમ્પ દાતાઓ +DBCS | ૧૨૫ | ૧૬૨૩૫ | ૨૫૫૯ | ૬૪૫ | ૮૪૬૯ | ૮૪૮ | ૫૯૦ | ૧૩૦૨ | ૧૫ | ૦૨ |
| ફૂલર્ટન | ૪૮ | ૩૧૭૮ | ૪૪૫ | ૧૦૫ | ૧૬૫૬ | ૨૯૭ | ૬૫ | ૧૩૯ | - | |
| સીબીઆર | ૩૪+૯૫* (૧૨૯) | ૧૦૬૨૨ | ૧૯૧૮ | ૩૭૩ | ૫૧૬૮ | ૭૪૫ | ૩૧૫ | ૮૯૩ | ૦૨ | |
| ઉમરપાડા પ્રોજેક્ટ | ૩૪ | ૩૭૭૨ | ૬૦૬ | ૧૨૯ | ૧૮૪૪ | ૧૫૮ | ૬૦ | ૨૮૭ | ૧ | |
| | ૨૪૧(૯૫)* | ૩૩૮૦૭ | ૫૫૨૮ | ૧૨૫૨ | ૧૭૧૩૭ | ૨૦૪૮ | ૧૦૩૦ | ૨૬૨૧ | ૧૮ | ૦૨ |

* ૯૫ કેમ્પ ફીલ્ડ વર્કરો દ્વારા દૈનિક કેમ્પ)

**ટેબલ નં-૬ રેટીનોપથી ઓફ પ્રીમેચ્યોરીટી (ROP) તપાસની વિગત. ૨૦૨૪-૨૫**

| સ્થળ | ઓપીડી | ROP POSITIVE | એવાસ્ટીન ઈન્જેક્શન | લેસર | સર્જરી |
|---|---|---|---|---|---|
| નવસારી સિવીલ હોસ્પીટલ | ૩૬૯ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ગામ સેવા ટ્રસ્ટ -ખારેલ | ૨૦૬ | ૦૭ | ૦૫ | ૦૦ | ૦૦ |
| ચીખલી સિવીલ હોસ્પીટલ | ૩૭ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| બારડોલી સરદાર સ્મારક હોસ્પીટલ | ૧૧૯ | ૦૬ | ૦૪ | - | - |
| સ્નેહ હોસ્પીટલ બારડોલી | ૦૫ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| રાજપીપલા સિવીલ હોસ્પીટલ | ૧૧૭ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૦ |
| મોદી હોસ્પીટલ વ્યારા | ૫૪૪ | ૧૮ | ૨૦ | ૦૪ | ૦૦ |
| તેજસ આઈ હોસ્પીટલ, માંડવી | ૧૨૭ | ૨૧ | ૨૦ | ૦૮ | ૦૦ |
| કુલ | ૧૪૮૨ | ૫૪ | ૫૧ | ૧૨ | ૦૦ |

## ટેબલ નં- ૭ વીઝન સેન્ટર અને સેટેલાઈટ સેન્ટરની કામગીરીની આંકડાકીય માહિતી (૨૦૨૪-૨૫)

| સેટેલાઈટ સેન્ટર | કુલ ઓપીડી | રીફ્રેકશન | ઓપરેશનની સલાહ આપેલ દર્દી | તૈયાર ચશ્મા | ચશ્માના ઓર્ડર | દવાનું વેચાણ | રીફર કર્યા | ઓપરેશન | ટેલીમેડીસીન થી દર્દી બતાવ્યા | ગોગલ્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| વ્યારા | ૮૨૦૪ | ૩૦૩૦ | ૬૧૦ | ૪૩૦ | ૧૦૯૮ | ૬૦૧૩ | ૬૫૬ | ૬૩૨ | ૧૮૨ | ૦૦ |
| નેત્રંગ | ૭૧૧૯ | ૨૧૬૪ | ૧૦૦૦ | ૧૫૨૫ | ૪૫૫ | ૩૯૨૮ | ૪૭૪ | ૪૬૩ | ૩૭૮૨ | ૦૨ |
| ઝંખવાવ | ૨૨૬૯ | ૧૪૦૮ | ૩૨૦ | ૧૪૯ | ૩૧૬ | ૭૬૦ | ૩૨૧ | ૧૬૧ | ૨૦૯૬ | ૦૯ |
| ડેડીયાપાડા | ૭૭૯ | ૫૨૩ | ૧૬૭ | ૨૪૯ | ૧૩૭ | ૮૧ | ૧૭૮ | ૧૩૩ | ૪૯૪ | ૦૭ |
| ઉમરપાડા | ૧૮૬૦ | ૧૫૭૫ | ૩૪૩ | ૫૯૨ | ૨૬૧ | ૬૮૮ | ૨૪૪ | ૧૪૭ | ૧૬૫૮ | ૧૪ |
| સેલંબા | ૧૭૭૭ | ૧૦૫૭ | ૩૮૭ | ૩૮૯ | ૧૪૮ | ૧૭૬ | ૧૦૭ | ૩૩૬ | ૧૫૪૭ | ૦૧ |
| ઉચ્છલ | ૨૦૦૮ | ૧૩૬૩ | ૧૦૩૯ | ૧૨૬ | ૧૫૫ | ૧૫૮ | ૯૮૨ | ૮૧૬ | ૧૫૧૪ | ૦૮ |
| બારડોલી | ૯૩૨ | ૮૦૭ | ૧૫ | ૩૦૮ | ૧૨૧ | ૧૮૩ | ૧૧૬ | ૦૨ | ૮૭૬ | ૦૧ |
| ખાપર | ૨૫૭૦ | ૧૩૯૫ | ૪૬૨ | ૫૩૮ | ૩૫૫ | ૩૬૩ | ૧૮૫ | ૪૩૬ | ૨૧૨૦ | ૦૨ |
| કોસંબા | ૩૨૦૫ | ૨૨૨૩ | ૧૯૨ | ૩૭૫ | ૩૬૬ | ૯૬૫ | ૪૨૧ | ૯૬ | ૨૯૭૫ | ૦૪ |
| કીમ | ૨૨૬૪ | ૧૦૪૬ | ૧૮૮ | ૨૬૪ | ૨૨૫ | ૫૯૦ | ૪૧૦ | ૧૦૫ | ૨૦૯૬ | ૦૨ |
| અંકલેશ્વર | ૫૪૭ | ૩૮૭ | ૨૩ | ૧૩૩ | ૧૧૨ | ૧૪૯ | ૮૬ | ૦૧ | ૩૧૭ | ૦૦ |
| માલીબા* | ૪૭૫ | ૧૨૧ | ૧૦ | ૧૬૬ | ૧૯ | ૪૬ | ૨૮ | ૦૩ | ૧૯૩ | ૦૦ |
| કુલ | ૩૪૦૦૯ | ૧૭૦૯૯ | ૪૭૫૬ | ૫૨૪૪ | ૩૭૬૮ | ૧૪૧૦૦ | ૪૨૦૮ | ૩૩૩૧ | ૧૯૮૫૦ | ૫૦ |

* માલીબા વિઝન સેન્ટર નવેમ્બર-૨૪ થી કાર્યરત થયું.

### જનનીની જોડ સખી નહિ જડે રે લોલ

ઉપરની પંક્તિને સાર્થક કરતી વાર્તા ૯૫ વર્ષના જનની અને તેમની ૭૦ વર્ષની દીકરીની છે.

૭૦ વર્ષની અંબાબેન (નામ બદલ્યું છે), વાલોડ, જી. તાપીની રહીશ છે. તે તેના માતાપિતાના ૪ સંતાન પૈકી એક છે. તેણીની બે બહેન અને એક ભાઈ પરિણિત છે. અંબાબેનનાં પણ લગ્ન થયા હતા. પરંતુ તેમને રસોઈ અને ઘરકામ આવડતું નહોતું. તેમજ માનસિક સ્થિતિ પણ બરાબર નહોતી. તેથી સાસરીયા તેમને પિયર મુકી ગયા હતા.

અંબાબેન તેમના ભાઈના પરિવાર સાથે રહે છે અને ઘરની ખેતીમાં થોડી ઘણી મદદ કરે છે. છેલ્લા થોડા સમયથી તેમને આંખમાં ધૂંધળું દેખાતું હતું તેથી રોજીંદા કામમાં પણ મુશ્કેલી થવા લાગી પરંતુ શું કરવું તે સમજાતું નહોતું. તે દરમિયાન દિવ્યજ્યોતિ ટ્રસ્ટ દ્વારા વાલોડ ગામમાં નેત્રનિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. કેમ્પમાં અંબાબેનને તેમના ૯૫ વર્ષના વૃધ્ધ માતા લઈને આવ્યા હતા. તેમની તપાસ કરતાં, બન્ને આંખમાં મોતિયો જણાતાં માંડવી લઈ આવ્યા.

માંડવીમાં ઓપરેશન પહેલાની તપાસ કરતાં તેમનું પ્રેશર વધારે જણાયું તેથી તેમને ફીઝીશ્યનને રીફર કરી દવા લેવડાવી. પ્રેશર નોર્મલ થતાં ઓપરેશન કર્યું. જમણી આંખનું ઓપરેશન થતાં જ તેઓ હરતા ફરતાં થઈ ગયા, જે અંધાપાને કારણે શક્ય નહોતું. હવે તેમના ૯૫ વર્ષના અતિ વૃધ્ધ માતા હળવાશ અનુભવે છે અને અન્ય આંખની તકલીફવાળા લોકોને જાગૃત કરી હોસ્પિટલ મોકલશે. વધુમાં તેઓ હોસ્પિટલ બધાનું ભલું કરે એવા આશીર્વાદ આપીને ગયા.

રીસર્ચ :

દિવ્યજ્યોતિ ટ્રસ્ટ ખાતે બધા જ પ્રકારની આંખની સારવાર ઉપલબ્ધ છે, અને દર વર્ષે લગભગ ૧.૫ લાખ દર્દીઓ આ સારવારનો લાભ લે છે, તે જોતાં જુદા જુદા પ્રકારના ઈંજેકશનો, આઈ ડ્રોપ્સ, ઈન્ટ્રાઓક્યુલર લેન્સ, દવાઓ વિગેરેના અભ્યાસ માટે સારી તક પ્રાપ્ત થઈ શકે. કોઈ પણ રીસર્ચ (અભ્યાસ) શરૂ કરતા પહેલાં એથીક્સ કમિટીની મંજૂરી મેળવવી અનિવાર્ય છે, તેથી એક એથીક્સ કમિટીનું ગઠન કર્યું છે. આ ઉપરાંત રીસર્ચ પ્રવૃત્તિ સાથે સંકળાયેલ સ્ટાફની તાલીમનું આયોજન પણ કર્યું છે.

૨૨-૬-૨૪ ના રોજ એથીક્સ કમિટીની મિટીંગનું આયોજન કર્યું અને **CTR** રીંગસ્ટડી તેમજ એન્ડોનેઝલ **DCR** સ્ટડીની મંજૂરી મેળવી.

વર્ષ દરમિયાન ૭-૮ સપ્ટે ૨૦૨૪ દરમિયાન રીસર્ચ મેથોડોલોજી પર વર્કશોપનું આયોજન કર્યું હતું. એઈમ્સ દિલ્હીથી ડૉ. સુવિક માના તેમજ સુરત સિવીલ હોસ્પિટલથી ડૉ. અભય કવિશ્વર અને ડૉ. નરેશ ચૌહાણ રૂબરૂ તાલીમ આપવા આવ્યા હતા.

સુ.શ્રી મમતાબેન (રીટાયર્ડ રીસર્ચ સાયન્ટીસ્ટ, અમેરીકાથી તા. ૬ માર્ચે માંડવી આવ્યા હતા અને રીસર્ચ ડોક્યુમેન્ટેશનને સુદૃઢ કરવાની તાલીમ અને માર્ગદર્શન આપ્યા. તેમજ હૈદ્રાબાદથી ડૉ. અનિરૂધ્ધ ગૌતમ બેઝલાઈન વિઝીટ માટે ૮મી માર્ચે માંડવી આવ્યા હતા.

અત્યાર સુધી અમે નીચે જણાવ્યા મુજબના રીસર્ચ પૂર્ણ કર્યા.

૧. ટેક્રોલીમસ સ્ટડી : ૭ દર્દીઓ પર કર્યુ.
૨. ફ્રોસ્કોલીન સ્ટડી : મલ્ટી સેન્ટ્રીક સ્ટડી તરીકે ૪ દર્દીઓ નોંધાયા
૩. પી.એમ.એમ.એ લેન્સ સ્ટડી : ૩૫૦ દર્દીઓ નોંધાયા
૪. હાઈડ્રોફીલીક લેન્સ સ્ટડી : ૩૫૦ ,,
૫. હાઈડ્રોફીલીક લેન્સ સ્ટડી : ૩૫૦ ,,
૬. ઓમ્ની ટોરીક લેન્સ : ૧૨૫ ,,
૭. ઓમ્ની મલ્ટીફોકલ લેન્સ સ્ટડી : ૧૧૫ ,,
૮. સીસ્ટેન અલ્ટ્રા આઈ ડ્રોપ્સ (ડ્રાય આઈ સ્ટડી) : ૪૦ ,,
૯. એમ્બ્લાયોપીયા સ્ટડી (આળસુ આંખ) : ૪૦ ,, (જાપાનની કંપની સાથે રહીને)
૧૦. સી.ટી.આર સ્ટડી : મલ્ટી સેન્ટ્રીક સ્ટડી તરીકે : ૧૦૮

હાલમાં ચાલી રહેલા અભ્યાસ (સ્ટડી)

- આઈક્રીલ આઈઓએલ સ્ટડી : ૪૫૬ લોકો સાથે છે.
- માયોપીયા એસ.ટી.ઓ.પી. ફિલ્મ સ્ટડી (એનપ્થાલ કંપની, ઓસ્ટ્રેલીઆ) : ૨૦ લોકો સાથે (૧૧ સામેલ છે. ૯બાકી)

ભવિષ્યમાં હાથ ધરવામાં આવનાર અભ્યાસ (સ્ટડી)

- આઈક્રીલ ટોરીક આઈઓએલ - સરખામણી કરવાનો અભ્યાસ
- ઈ ડોફ (Edof) આઈ ઓ એલ સ્ટડી
- બાઈમેટોપ્રોસ્ટ આઈ ડ્રોપ સ્ટડી

પબ્લીકેશન્સ :

૧. સ્પેક્ટેકલ કોમ્પ્લાયન્સ સ્ટડી એમોન્ગ સ્કૂલ ગોઈંગ ચીલ્ડ્રન ફ્રોમ રૂરલ એરીયાસ ઓફ સાઉથ ગુજરાત વિષય પર આર્ટીકલ ૧૫-૭-૨૪ના રોજ સ્વીકારાયો અને ગ્લોબલ જર્નલ ઓફ કેટેરેક્ટ સર્જરી એન્ડ રીસર્ચ ઈન ઓપ્થેલ્મોલોજી જર્નલમાં પબ્લીશ થશે.

૨. "પ્રીવેલન્સ ઓફ રેટીનોપથી ઓફ પ્રીમેચ્યોરીટી" આર્ટીકલ આઈ હોપ જર્નલ ઓફ ઓપ્થેલ્મોલોજી માં પ્રકાશિત થયો. તૈયાર કરનાર ડૉ. કવિન શ્રોફ

૩. કેસ રીપોર્ટ ઓફ એટીપીકલ કોલોબોમા ઓફ ડીસ્ક
ઈન્ડીયન જર્નલ ઓફ કોમ્યુનિટી ઓપ્થેલ્મોલોજીમાં સબમીટ કર્યા છે.

૪. રેટીનોપથી ઓફ પ્રીમચ્યોરીટી ની કામગીરી પર આધારિત આર્ટીકલ IJO માં (ઈન્ડીયન જર્નલ ઓફ ઓપ્થેલ્મોલોજીસટ) સબમીટ કર્યા છે.

## હીમોગ્લોબીન વધ્યુ, દ્રષ્ટિ સુધરી

૬૧વર્ષના રામીબેન (નામ બદલ્યું છે) ડોસવાડા તા. સોનગઢ જી. તાપીના રહીશ છે. તેમની આર્થિક પરિસ્થિતિ અત્યંત નબળી છે. તેમના પતિનું ૧૨ વર્ષ અગાઉ ટીબીથી અવસાન થઈ ગયું છે. તેઓ તેમના પુત્ર સાથે રહે છે. જે ખેતમજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે.

રામીબેનને છેલ્લા ૧ વર્ષથી ઓછુ દેખાતું થતાં તેઓ ઘરમાં લાચાર થઈ બેસી રહેતા કેમકે તેમની સામાન્ય તબિયત પણ નબળી હતી. ઘરમાં ખાવાના જ સાંસા પડતા હોય ત્યારે દવાખાનામાં જઈ સારવાર કરાવવાનો ખર્ચ પણ ક્યાંથી કાઢવો !! એવી મૂંઝવણ સાથે દિવસો પસાર કરતા હતા.

દરમિયાન દિવ્યજ્યોતિ ટ્રસ્ટ દ્વારા તેમના ગામમાં નિદાન કેમ્પની જાહેરાત સાંભળી તેઓ કેમ્પમાં બતાવવા આવ્યા. અહીં તેમની બન્ને આંખમાં મોતિયાનું નિદાન થતાં જ તેમને બસમાં બેસાડી માંડવી લાવ્યા.

માંડવી વધુ તપાસ કરતા જણાયું કે તેમનું હિમોગ્લોબીન માત્ર ૨ ટકા જ છે અને પ્રેશર પણ ખૂબ જ ઓછું છે વળી તેઓ પૂરેપૂરા ભાનમાં પણ નહોતા. આવા સંજોગોમાં દિવ્યજ્યોતિ ટ્રસ્ટના સ્ટાફે તેમને સાજા કરવાનું બીડું ઝડપ્યું !! શમીબેનને સ્ટાફ દ્વારા રક્તદાન કર્યું. ફક્ત આંખની હોસ્પિટલ હોવા છતાં બ્લડ બોટલ ચઢાવવાનું કામ પણ તેજસ હોસ્પિટલમાં કર્યું. તેમને માટે ફીઝીશ્યન પાસે તપાસ કરાવી દવા લેવડાવી. ધીમે ધીમે તેમનું પ્રેશર નોર્મલ થયું અને હિમોગ્લોબીન પણ ૭ટકા જેટલું વધ્યું. ત્યારબાદ ૨ જી જાન્યુઆરીએ જમણી આંખનુ અને ૩જી એ ડાબી આંખનું ઓપરેશન કર્યું.

ઓપરેશન બાદ તેમની બંને આંખોમાં ૬/૩૬; ૬/૧૮ જેટલું વીઝન છે. તેઓનું હિમોગ્લોબીન પણ વધતાં તેઓ સ્વસ્થપણે ચાલીને ઘરે જવા નીકળ્યા. આમ તદન અશક્ત અને લાચાર શમીબેન પુનઃદૃષ્ટિ પ્રાપ્ત કરીને સ્વસ્થ થઈને ગયા તેથી તેઓ અને તેમના સંતાનો ખુબ ખુશ છે અને હોસ્પિટલનો આભાર પ્રગટ કરે છે.

**દિવાળીબા ઓપ્ટોમેટ્રી કોલેજ :**

અહીંથી અભ્યાસ કરીને - હાલ જુદી જુદી કંપની કે પ્રાઈવેટ ડૉક્ટર્સને ત્યાંકામ કરતા વિદ્યાર્થીઓની કામગીરી અને નિષ્ઠા જોતાં દિવાળીબા ઓપ્ટોમેટ્રી કોલેજે સારી પ્રતિષ્ઠા મેળવી છે.

વર્ષ ૨૦૨૪-૨૫માં નવી બેચ શરૂ થતાં ૨૩ વિદ્યાર્થીઓ એ પ્રવેશ મેળવ્યો. અભ્યાસ પૂર્ણ કરનાર ૪ થી બેચના વિદ્યાર્થીઓનો પદવીદાન- વિદાય સમારંભ ડીસેમ્બરમાં ઉકા તરસાડીયા યુનિવર્સીટી પર રાખવામાં આવ્યો હતો.

વર્લ્ડ ઓપ્ટોમેટ્રી દિવસની ઉજવણી વિદ્યાર્થીઓ વચ્ચે પોસ્ટર પ્રદર્શન અને ક્વીઝની હરિફાઈ રાખીને કરી.

હાલની બેચના ૪ વિદ્યાર્થીઓએ પણજી-ગોવા ખાતે આયોજીત ઓપ્ટોમેટ્રીની વાર્ષિક કોન્ફરન્સમાં ભાગ લીધો, જ્યાં તેઓની પ્રેક્ટીકલ કુશળતાની પ્રશંસા થઈ.

ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓએ 'ઓપ્ટીકા' મુંબઈ ટ્રેડ ફેર એન્ડ એક્ઝીબીશન માં ભાગ લીધો અને ઓપ્ટોમેટ્રીના વિશ્વની અતિ આધુનિક પ્રગતિની જાણકારી મેળવી.

અમારા સૌથી પહેલા બેચની વિદ્યાર્થીની કોમલ ગુજરાત પ્રદેશની અગ્રવાલ આઈ હોસ્પિટલના ઓપ્ટોમેટ્રી ડિપાર્ટમેન્ટના વડા તરીકે પસંદગી પામી. જે અમારા માટે ગર્વની બાબત છે.

વર્લ્ડ સાઈટ ડે ના દિવસે આયોજીત ઓનલાઈન ક્વીઝ કોમ્પીટીશનમાં દેશના બધા ઓપ્ટોમેટ્રી સ્ટૂડન્ટસ વચ્ચે પ્રથમ ક્રમાંક મેળવીને કુ. જ્યોતિરેખા પાનીએ ઈતિહાસ રચ્યો તેને રૂા. ૩૦૦૦ કેશ ઈનામ અને ઓપ્ટોમેટ્રી કાઉન્સીલ ઓફ ઇન્ડિયાની લાઈફ ટાઈમ ફ્રી મેમ્બરશીપ મળ્યા. બીજી વિદ્યાર્થીની કુ. શ્રધ્ધા પાટીલે ફોટો કોન્ટેસ્ટમાં દ્વિતીય ક્રમ મેળવ્યો.

અમારા બધા જ વિદ્યાર્થીઓને ૧૦૦ટકા પ્લેસમેન્ટ ખૂબ ઉંચા પગારે મળ્યું છે. ૨૦૨૦ની બેચના વિદ્યાર્થીઓએ તેમની ઈન્ટર્નશીપ પુરી કરી, જેમાં તેમને રૂ. ૧૦૦૦૦/- મહિને સ્ટાઈપેન્ડ મળ્યું અને રૂા. ૨૮૦૦૦/- મહિને થી પગાર શરૂ થયો. મોટા ભાગના વિદ્યાર્થીઓને તો લેન્સકાર્ટ કંપનીમાં જ નોકરી મળી છે.

**નવી આશા જન્મી !!**

૫૦ વર્ષના તરૂણભાઈ(નામ બદલ્યું છે) મહારાષ્ટ્રમાં જલગાંવ જીલ્લાના યાવાન ગામમાં રહે છે અને સિલાઈકામ કરીને ગુજરાન ચલાવે છે. તેમના માતા પિતા હયાત નથી તથા તેઓ અપરિણીત છે તેથી એકલા રહે છે. વરસ અગાઉ તેમને દેખાતું સાવ ઓછું થઈ ગયું. આથી સિલાઈકામ પણ બંધ થઈ ગયું અને રોજિંદી દિનચર્યામાં પણ મુશ્કેલી પડવા લાગી. આવા સંજોગોમાં ભાઈ-ભાભી તેમને ભોજન પહોચાડતા હતા. જો કે સ્વમાની તરૂણભાઈને ઓશિયાળું ભોજન પસંદ નહોતું.

આવા સંજોગો વચ્ચે એક દિવસ તેમની ભાણેજ જે ખાપર રહે છે તે તેમને મળવા આવી અને પરિસ્થિતિ જાણીને તરૂણભાઈ ને ખાપર સેન્ટર પર બતાવવા લઈ ગયા.

ખાપર સેન્ટર પર તપાસ કરતા જણાયું કે, એમની બન્ને આંખમાં મોતિયા થઈ ગયા છે અને ઓપરેશન કરાવવાથી દૃષ્ટિ મળી શકશે. જ્યારે સેન્ટર પરથી દર્દીઓને માંડવી લાવવાની વાહન વ્યવસ્થા થઈ, ત્યારે તરૂણભાઈ તેમની ભાણેજ સાથે બસમાં બેસીને માંડવી આવ્યા.

માંડવી તેજસ આંખની હોસ્પિટલમાં ફરી બધી તપાસ કરીને તેમને દાખલ કર્યા અને બીજા દિવસે ડાબી આંખનું અને ૧ મહિના પછી જમણી આંખના મોતિયાના ઓપરેશન થયા. ઓપરેશન માફીમાં કર્યું અને તેમને દેખાતું થઈ ગયું હોવાથી તરૂણભાઈ અને તેમના સગા સંબંધી ખુશ છે. હવે તરૂણભાઈ ફરીથી સિલાઈકામ કરી શકશે અને પોતાનું કામ પણ કરીને સ્વમાનથી જીવી શકાશે ! તેઓ જણાવે છે કે આંખની તકલીફવાળા લોકોને તેઓ અહીં મોકલશે અને હોસ્પિટલ ખૂબ પ્રગતિ કરે એવી પ્રભુને પ્રાર્થના કરશે.

તાલીમ પ્રવૃત્તિ :

દિવ્યજ્યોતિ ટ્રસ્ટ દ્વારા માંડવીની આજુ બાજુના ૧૦ પાસ કે તેથી વધુ અભ્યાસ ધરાવતા ગરીબ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ માટે ૧ વર્ષના વોકેશનલ કોર્ષ શરૂઆતથી જ ચલાવવામાં આવે છે, જેમાં વીઝન આસીસ્ટન્ટ, ઓપ્થેલ્મીક નર્સીંગ,કાઉન્સેલીંગ, ચશ્મા ફીટીંગ અને ઓટી બોય તરીકે તેઓ કામ કરી શકે તેવી તાલીમ આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ ૪૫ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવ્યો તેમાંથી ૪૦ વિદ્યાર્થીઓ તેમની તાલીમ પુરી કરી રહ્યા છે. હવેથી જે નવી બેચ આવશે (૧લી ઓગષ્ટ ૨૦૨૫) તેમના માટે આ કોર્ષ ૨ વર્ષનો રહેશે. ૧ વર્ષ થીયરી, પ્રેકટીકલ અને ૧ વર્ષ ઈન્ટર્નશીપ.

આ ઉપરાંત ૪ વર્ષનાં ડીગ્રી કોર્ષ બેચલર ઈન ઓપ્ટોમેટ્રીનો ઉકા તરસાડીયા યુનિવર્સિટી સાથે ચલાવવામાં આવે છે. જેની વિગત અગાઉ આપી છે.

**અમારા સ્ટાફની તાલીમ :**

૧. કાઉન્સેલીંગની : રંજનબેન પરમાર અને ભૂમિત રાઠોડ બે માસની તાલીમ લેવા માટે એચ. વી. દેસાઈ આઈ હોસ્પિટલ પૂણે ગયા હતા. (૧માસ ઓનલાઈન અને ૧ માસ પૂણે-મહારાષ્ટ્ર)

૨. જીજ્ઞેશ પટેલ અને અલ્પેશ મિસ્ત્રી તા. ૬-૭ સપ્ટેમ્બર (ઓપ્થેલ્મીક આસીસ્ટન્ટ) કાઉન્સેલીંગની તાલીમ માટે એચ.વી. દેસાઈ આઈ હોસ્પિટલ, પૂણે ગયા હતા.

૩. રીસર્ચની તાલીમ વિશે રીસર્ચની માહિતી સાથે વિગત આપી છે.

૪. આઈ એકસેલ તાલીમ : આ તાલીમ માટે ઓપ્ટોમેટ્રી કોલેજના આસીસ્ટન્ટ પ્રોફેસર શિવાની સૂચલ અને ફેકલ્ટી કુ નિધી ચૌધરી અને નિધી પ્રજાપતિ ૨૨ થી ૨૬ જૂલાઈ અરવિંદ આઈ ઈન્સ્ટીટ્યૂટ - મદૂરાઈ ગયા હતા.

૫. કોર્નીયા ઓબ્ઝરવરશીપ : ડૉ. હિમર્ષી મહેતા-શુક્લ બે અઠવાડિયાની કોર્નીયા ઓબ્ઝરવરશીપ માટે અરવિંદ આઈ ઈન્સ્ટીટયૂટ, મદૂરાઈ ગયા હતા.

૬. પ્રાયોરીટી ઈન આઈ કેર મેનેજમેન્ટ : ઓપ્ટોમેટ્રી કોલેજના એડમીનીસ્ટ્રેટર શ્રી વિમલ પ્રજાપતિને આ તાલીમ મેળવવા અરવિંદ આઈ ઈન્સ્ટીટ્યૂટ, મદૂરાઈ મોકલ્યા હતા. (૨૩ થી ૩૦ જાન્યુઆરી દરમિયાન). આ તાલીમ તથા આઈ એકસેલ તથા કાઉન્સેલરોની તાલીમ માટે સેવા ફાઉન્ડેશન, યુ.એસ.એ દ્વારા આર્થિક સહાય કરવામાં આવી છે.

૭. ડીપ્લોમા ઈન કોમ્યુનિટી આઈ હેલ્થ :- આ કોર્ષ ૧ વર્ષનો ડીપ્લોમા કોર્ષ છે જેની ઓનલાઈન તાલીમ શ્રી વિમલ પ્રજાપતિ અને શ્રીમતિ શિવાની સૂચલ લઈ રહ્યા છે.

૮. સી.સી.એલ.એસ. તાલીમ : આ ૧ દિવસીય તાલીમ સુરતની સનશાઈન ગ્લોબલ હોસ્પિટલમા આયોજિત થઈ, જેમા ડૉ. કવિન શ્રોફ, શ્રીમતી સુનિતા વસાવા, શ્રીમતી દિપીકા વસાવા, શ્રીમતી સુધા રાઠોડ, શ્રી જીજ્ઞેશ પટેલ, શ્રી મયુર ગામીત અને વિશાલ રાવલ જોડાયા.

૯. ડ્રાઈવરોની તાલીમ : તા. ૬-૪-૨૪ના રોજ ગજાધરા મુકામે ઓલ ઈન્ડિયા ઈન્સ્ટીટ્યુટ ઓફ ડ્રાઈવીંગ ટેકનીકલ ટ્રેનીંગ એન્ડ રીસર્ચ, વાઘોડીયા દ્વારા અને બીજી વાર તા. ૧૫-૬-૨૪ના રોજ સ્ટાફની આ જ તાલીમ માંડવીમાં કરવામાં આવી.

૧૦. કન્ટીન્યુઅસ મેડીકલ એજ્યુકેશન (CME)ની તાલીમ તા. ૩ થી ૪ ઓગષ્ટ ઓપ્થેલ્મીક આસીસ્ટંટ ગ્રુપ અને ૧૦-૧૧ ઓગષ્ટ નર્સીંગ ગ્રુપ માટે થઈ, જેમા અનુક્રમે શ્રી હાર્દિકભાઈ પટેલ અને શ્રીમતી અનિલાબેન તથા ડૉ. અરવિંદભાઈ પટેલ ફેકલ્ટી તરીકે આવ્યા હતા.

૧૧. અંધજન પુનર્વસન કાર્યકરોની તાલીમ : આ કાર્યકરોની બીજા તબક્કાની ૧૫ દિવસીય તાલીમ જૂલાઈ-૨૪ દરમિયાન અમદાવાદ બ્લાઈન્ડ પીપલ્સ એસોસીયેશન દ્વારા કરવામાં આવી.

૧૨. ૮ મી ડીસેમ્બરના રોજ ગ્લોકોમા સોસાયટી ઓફ ઈન્ડિયા દ્વારા ગ્લોકોમા ઈન્ડિયા એજ્યુકેશન પ્રોગ્રામનું આયોજન માંડવી ખાતે થયું જેમાં અમદાવાદથી ડૉ. મયૂરીબહેન ખમાર તથા ગ્લોકોમા સોસાયટી ઓફ ઈન્ડીયાના પદાધિકારીઓ ખાસ તાલીમ આપવા આવ્યા હતા. આ ટ્રેનીંગ પ્રોગ્રામમાં ૧૭ ડૉક્ટર્સ અને ૨૫ ઓપ્ટોમેટ્રી સ્ટુડન્ટ્સ જોડાયા. આ કાર્યક્રમ એલેમ્બીક ફાર્મા, અમદાવાદ દ્વારા સ્પોન્સર કરવામાં આવ્યો હતો.

૧૩. વિઝન સેન્ટર સુદ્રઢીકરણ : વિઝન સેન્ટર સ્ટ્રેન્થનીંગની તાલીમ મેળવવા શ્રી અજેન્દ્રસિંહ સુણવા, શ્રી યતીન મિસ્ત્રી અને શ્રી નીલેશ ચૌધરી ઔરંગાબાદ લાયન્સ આઈ ઈન્ડસ્ટીટ્યૂટમાં ગયા હતા (૨૧-૨૨ ડીસેમ્બર)

૧૪. બધા સ્ટાફની ફાયર સેફટીની તાલીમ - માંડવી નગરપાલિકાના સ્ટાફ દ્વારા- મોકડ્રીલ કરીને કરવામા આવી.

**બહારના સ્ટાફની તાલીમ :**

- વાંકાનેર એન.આર. દોશી હોસ્પિટલમાંથી સુ.શ્રી પ્રીતિ ચાવડા ઓટી. પ્રોટોકોલ શીખવા આવ્યા હતા.
- અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલમાંથી સ્ટાફ સભ્યો ૨ દિવસ માટે ઓરીએન્ટેશન માટે આવ્યા.
- મુંબઈની વિઝન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા-સંસ્થામાંથી ૨ દિવસના ઓરીએન્ટેશન માટે સ્ટાફ આવ્યા હતા.
- ભણશાલી ટ્રસ્ટ, રાધનપુરના બે સભ્યો ચશ્મા વિતરણ પ્રોજેકટની કાર્યપધ્ધતિ સમજવા ૨ દિવસ માટે માંડવી આવ્યા.

**બહારના ડૉક્ટર્સની તાલીમ :**

(SICS)

| નામ | સ્થળ | સમય ગાળો |
|---|---|---|
| ૧. ડૉ. નિસર્ગ શાહ | વડોદરા | એપ્રિલ-મે-૨૪ |
| ૨. ડૉ. એવા એટલેવા | આલ્બેનીયા | ઓગષ્ટ- ૨૪ |
| ૩. ડૉ. રૂચિ કાચરોલીયા | અમદાવાદ | જાન્યુ-ફેબ્રુ-૨૫ |
| ૪. ડૉ. કલગીબેન પટેલ | - | - |

Phaco _Emulsification

| નામ | સ્થળ | સમય ગાળો |
|---|---|---|
| ૧. ડૉ. ધ્રુવ પટેલ | સુરત | ઓગષ્ટ- ૨૪ |
| ૨. ડૉ. કિશન મકવાણા | રાજકોટ | નવે. - ૨૪ |
| ૩. ડૉ. ફોરમ પટેલ | સુરત | જાન્યુ.-૨૫ |

**મેડીકલ રેટીના :**

| નામ | સ્થળ | સમય ગાળો |
|---|---|---|
| ૧. ડૉ. સુરભિ પ્રસાદ | મોરેના- ઉ.પ્ર | મે-જૂન-૨૪ |
| ૨. ડૉ. ચિરાગ બેન્કર | અમદાવાદ | જૂલાઈ, ઓગસ્ટ-૨૪ |



KAPS, સ્પોન્સર્ડ વિઝન આસિસ્ટન્ટ વિદ્યાર્થીઓ સાથે મુલાકાત



શ્રી નીખિલભાઈ જોશી (સહાયક રજીસ્ટ્રાર) ના હસ્તે વિઝન આસિસ્ટન્ટ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર



દિવાળીબા ઓપ્ટોમેટ્રી કોલેજ ડે સેલીબ્રેશન



વર્લ્ડ સાઈટ ડે ઉજવણી




જ્યોતિ રેખા પાની –વિદ્યાર્થીનીએ વર્લ્ડ ઓપ્ટોમેટ્રી ડે પર OCI દ્વારા આયોજિત ઓનલાઇન ક્વિઝ સ્પર્ધામાં પ્રથમ પુરસ્કાર જીતી



લાયન્સ ક્લબ ઓફ સુરત સિલ્ક સીટી દ્વારા મોતીયાના ઓપરેશન માટે અનુદાન




સેજલ સવાણિયા ઓપ્ટોમેટ્રી સ્ટુડન્ટ ઉપકુલપતિ ડૉ. ડી. આર. શાહ પાસેથી સુવર્ણ પદક પ્રાપ્ત કરી રહ્યા છે



ઓપ્થેલ્મીક આસીસ્ટ ટીમનુ CME




લાઇકો ખાતે 'આંખની સારવારમાં મેનેજમેન્ટ પ્રાયોરિટી' વર્કશોપમાં વિમલ પ્રજાપતિ



IQVIA તથા Mission For Vision ટીમ દ્વારા વિદ્યાર્થીઓ સાથે



કાઉન્સેલરોની તાલીમ એચ.વી. દેસાઈ આઈ ઈન્સ્ટીટ્યુટ. પૂણે ખાતે




ઔરંગાબાદ વર્કશોપમાં અજેન્દ્ર, યતીન તથા નિલેષ-વિઝન સેન્ટર સુપરવીઝન વિશે ચર્ચા



એશિયા પેસીફીક તથા ઓલ ઈન્ડીયા ઓપ્થલ્મોલોજી કોન્ફરન્સ દરમ્યાન ઈન્ફેકશન કંટ્રોલ વિષય પર પુસ્તકનું વિમોચન



બેંગલોર ખાતે ડૉ. ઉદય ગજીવાલા AIOS, ARC મિટીંગમા બેંગલોર ખાતે એન્ડોપ્થેલ્માઈટીસ મેનેજમેન્ટ અંગે વકતવ્ય આપતા



ડૉ. ઉદય ગજીવાળા ગ્લોબલ આઈ હોસ્પિટલ, આબુના ટેકનીકલ સ્ટાફ સાથે





ગુજરાત સરકાર દ્વારા આયોજીત વડોદરા, અમદાવાદ, રાજકોટ –ઈન્ફેકશન કંટ્રોલ વર્કશોપમાં પ્રોટોકોલ પ્રેઝન્ટેશન આપતા ડૉ. ઉદયભાઈ ગજીવાલા



26મી જાન્યુઆરીના દિવસે ધ્વજવંદન સમારોહ – કોર્પોરેટર મુન્નીબહેન દ્વારા સન્માન કર્યું



ડૉ. ઉદયને ડૉક્ટર્સ ડેના અવસરે ઇન્ડિયન મેડિકલ એસોસિએશન મુખ્યાલયથી કોમ્યુનિટી સર્વિસિસ એવોર્ડ આપવામાં આવ્યો



ડૉ. ઉમા શ્રોફ દ્વારા જાપાનની કિતાસાતો યુનિવર્સિટીમાં દિવ્યજ્યોતિ ટ્રસ્ટ તથા એમ્બ્લાયોપિયા સ્ટડી વિષે પ્રસ્તુતિ કરવામાં આવી



નિક્કેઈ એશિયાના શ્રી સતોશી ઇવાકી અને જીકા (જાપાન ઇન્ટરનેશનલ કોઓપરેશન એજન્સી)ના શ્રીમતી કાઓરી હોન્ડા દિવ્યજ્યોતિ ટ્રસ્ટની મુલાકાતે



ફેકો ફેલો ડૉ. રજનીશ સીઘને ફેલોશીપ પ્રમાણપત્ર અર્પણ કરતા સીનીયર ડૉક્ટર્સ



ડૉ. કવિન શ્રોફ દ્વારા DOS પરિષદમાં ભાષણ પ્રસ્તુત કર્યુ



આલ્બેનીયાથી આવેલ ફેલો ડૉ એવા એટલેવાંને તાલીમ આપતા ડૉ. ઉમા શ્રોફ



IMA, ગુજરાત ચેપ્ટરના પ્રેસીડન્ટ ડૉ. મેહુલ શાહ અને ડૉ. આશિષ ભોજક નવા કેમ્પસની મુલાકાતે



AIOS ઈન્ફેક્શન પ્રિવેન્શન વેબિનાર



VOSAP, USA ના પ્રતિનિધિ સેજલબેન શાહની મુલાકાત





કોમ્યુનિટી મીટીંગ અંકલેશ્વર–કીમ



અંધ બાળકોનો પ્રવાસ



દિવાળી ઉજવણી (અંધ બાળકો)



અંધ બાળકો બટન ટાંકતા શીખે છે



ડ્રાઇવરો માટે સલામત અને કાર્યક્ષમ ડ્રાઈવિંગની તાલિમ



રેલી ચક્ષુદાન અંગે



ટ્રસ્ટીઓ દ્વારા વૃક્ષારોપણ



ડૉ શાલીન શાહ દ્વારા ૬ એન્ડોનેસલ સર્જરી એક જ દિવસે કરી



સેન્ચુરીયન ફેકો મશીનનું અનુદાન ગુજરાત કેમિકલ પોર્ટ લિમિટેડ દ્વારા





ગ્લોકોમા સોસાયટી ઓફ ઈન્ડિયાનો વર્કશોપ માંડવીમાં યોજાયો



લાયન્સ ક્લબ ઓફ સુરત- ક્રિસ્ટલ દ્વારા ૨૨ મોતીયાના ઓપરેશન માટે અનુદાન



ROP સ્ક્રીનીંગ રેટકેમ ટેકનીશીયન ચિરાગ ટેલર દ્વારા



હોસ્પિટલમાં ફાયર સેફટી અંગે મોકડ્રીલ



માલિબા વિઝન સેન્ટર ઉદઘાટન



LAICOના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી તુલસીરાજ અમલસાડી કેમ્પસની મુલાકાતે



ભણશાળી ટ્રસ્ટના કાર્યની મુલાકાત ડાંગ શૈક્ષણિક પ્રવાસ



L & T CSR ટીમ દ્વારા અમારી સંસ્થાની મુલાકાત



રોટરી ક્લબ ઓફ સુરત રાઉન્ડ ટાઉન સાથે ગ્લોબલ ગ્રાંટ અંતર્ગત મળેલ સાધનોનું લોકાર્પણ



બચત મંડળીની બેઠક

## કન્સલ્ટન્સી- નેટવર્કીંગ - ઈવેલ્યુએશન :

ડૉ. ઉદયભાઈને ઈન્ફેક્શન કંટ્રોલ તથા ઓપરેશન થીએટરની ડીઝાઈન તેમજ તેને લગતી ટેકનીકલ તાલીમ માટે દેશની વિવિધ સંસ્થામાથી નિમંત્રણ મળતું રહે છે. તે મુજબ આ વર્ષે બ્રહ્માકુમારીઝ દ્વારા ચલાવાતી ગ્લોબલ આઈ હોસ્પીટલ, આબુ રોડના ઓપ્થેલ્મોલોજી સ્ટાફની ક્વોલીટી- ઈમ્પ્રુવમેન્ટ ટ્રેઈનીંગ માટે તા. ૨૩ માર્ચ ૨૦૨૫ના રોજ બોલાવ્યા હતા.

ડૉ. ઉદયભાઈ ગવર્મેન્ટ ઓફ ગુજરાતની ઈન્ફેક્શન કંટ્રોલ પ્રોટોકોલ રીવીઝન કમિટીના મેમ્બર છે.

